# સહજ-સત્સંગ

Year : 2 Issue : 20 Dt. 01-09-2014 Page - 52 માસિક



બ્રહ્મચર્યાશ્રમ



## મા મીરાંબિકા

To conquer a desire brings more joy than to Satify it.
- The Mother

### વાસના જયનો અખૂટ આનંદ

વાસનાની તૃપ્તિથી, ક્ષણિક આનંદ પ્રગટ થતો,
પણ વાસના - જયથી તમે, અખૂટ આનંદ મેળવી શકો.

# પ્રાર્થનાઓ અને ધ્યાન

- શ્રી માતાજી

## સદાવિજયી પ્રભુ

(તા.૧૫.૧૧.૧૯૧૪ - પૃ.૧૯૯)



અગત્યની વસ્તુ તો જે ધ્યેય સર કરવાનું છે તે છે..... ઘણીવાર એને વિષે આગળથી ન જાણવું એ વધુ ઈચ્છનીય હોય છે..... શું ખરેખર પૃથ્વી ઉપર પ્રભુના દિવ્ય કાર્યની ક્ષણ આવી પહોંચી છે અને શું અંતરના ઊંડાણમાં ધારેલું તે કાર્ય સિદ્ધ થઈ શકે તેવું છે ?

હે પ્રભુ, એની તો તેં અમને ખાતરી આપી છે. એ ખાતરી સાથે પ્રકૃતિનું વિશ્વચેતનાનું..... વચન ભળેલું છે.

અમારા અત્યારના સ્વરૂપને આ નૂતન આવિર્ભાવમાં ભાગ લેવા માટે સાચે જ બોલાવવામાં આવ્યું છે.... આ જે વિરોધી શક્તિઓનાં જૂથો..... એકંદરે શું તારી યોજના સિદ્ધ કરવાની સેવા જ નથી બજાવતા ? તારી યોજના શી છે અને કયા સાધનો વડે તું અવરોધો ઉપર વિજય પ્રાપ્ત કરનાર છે તે જાણવાના સાધન અમને આપ્યા નથી.

વિરોધી બળોનો સરવાળો કરીને અમે માપી શકીએ છીએ કે આ પૃથ્વી ઉપર આવિર્ભાવ કરવા આવનાર તારી શુદ્ધ શક્તિઓને તું કેટલા પ્રમાણમાં ગતિશીલ કરશે..... જે વસ્તુઓ ઉપર કાર્ય કરવાનું તારી શક્તિઓ માટે નિર્મિત થએલું હોય છે તે જ વસ્તુઓ વિરોધ કરે છે.

જે મનુષ્યોને તારા કાર્યના કેન્દ્રરૂપ અને તારા મધ્યસ્થી તરીકે પસંદ કરેલા હોય તેને જો થોડાક જ અવરોધો, થોડીક જ ગેરસમજૂતીઓ અને ધિક્કાર નડે તો તેનો અર્થ એ થાય કે તેને જે કાર્ય સોંપેલું છે તે મર્યાદિત છે.

જે કંઈ વસ્તુઓ..... એમ માનીને કે એ રીતે તેઓ તારા રૂપાંતરકારી પ્રેમનો વિનાશ કરી શકશે અને પોતાને અંધ અજ્ઞાનમાં ઢાળે છે. તેમનો સામનો કરીએ.

# અનુક્રમણિકા


| શીર્ષક | પૃષ્ઠ | શીર્ષક | પૃષ્ઠ |
|---|---|---|---|
| **પ્રાર્થનાઓ અને ધ્યાન** (સદાવિજયી પ્રભુ) | ૩ | (સાચી અને સક્રિય સંકલ્પશક્તિ) | ૩૧ |
| **શ્રી અરવિન્દનું માનવજાતિને પ્રદાન** (પૂર્વ ભૂમિકા) | ૬ | **સાંજના વાર્તાલાપો** (દેવોના સ્વરૂપો) | ૩૪ |
| **દિવ્યજીવન** (બ્રહ્મ અને જગત) | ૯ | **વેદવિજ્ઞાન** (બૃહસ્પતિ, બ્રહ્મણસ્પતિ, પ્રજાપતિ) | ૩૬ |
| **માતૃવાણી** (ભાગવત-સંકલ્પને જાણવાની રીત) | ૧૨ | **ધ મધર્સ એજન્ડા** (વિરાટપુરુષનો સાક્ષાત્કાર) | ૩૯ |
| **સાવિત્રી** (સાચી સમજણનો ઉદય) | ૧૫ | **યોગનાં મૂળતત્ત્વો** (મુશ્કેલીઓ અને પ્રગતિ) | ૪૧ |
| **યોગ વિષે પત્રો** (આંતર - ચેતનાનું સ્વરૂપ) | ૧૮ | **શ્રી અરવિન્દનાં વિચાર-સૂત્રો** (રૂપાંતરની પ્રક્રિયાના જ્ઞાનની પ્રાપ્તિ (૭૪-૭૬)) | ૪૪ |
| **ઉપનિષદો** (વિષય-પ્રવેશ) | ૨૨ | **જાતક કથાઓ** (''કોઈના પણ સાચા સલાહસૂચનને સ્વીકારવું'') | ૪૭ |
| **વેદ-રહસ્ય** (ચાર સમ્રાટો (વરુણ, મિત્ર, ભગ, અર્યમા) | ૨૫ | **યોગ** | ૪૮ |
| **શ્રી અરવિન્દ : પોતા વિષે** (ચેતન-વિકાસની આંતરિક - પ્રક્રિયા) | ૨૮ | **કવરપેજ ૧ ઉપરની સમજૂતી કવરપેજ ૪ ઉપર** | |
| **યોગ પર દીપ્તિઓ** | | | |



મા શ્રી અરવિન્દ સાધના કેન્દ્ર ટ્રસ્ટ સંચાલિત, મા શ્રી અરવિન્દ સાધના કેન્દ્ર, રાજકોટનું
શ્રી અરવિન્દ અને શ્રી માતાજીનાં યોગદર્શનની સાદી સરળ ભાષામાં સમજણ આપતું ગુજરાતી ભાષાનું લોકપ્રિય સામયિક

**સહજ-સત્સંગ**
અંક : ૨૦ વર્ષ : ૨
સપ્ટેમ્બર - ૨૦૧૪

સંસ્થાપક અને આદ્યતંત્રી : **સ્વ. ભૂપેન્દ્રભાઈ ત્રિવેદી**

**: સહજ સત્સંગ કાર્યાલય :**
અર્પણ, ૨૫૯, વૃંદાવન સોસાયટી, કાલાવડ રોડ, રાજકોટ - ૩૬૦૦૦૫

તંત્રી : **માનસિંહભાઈ ચાવડા મો. ૯૮૨૪૩ ૭૩૯૨૯**
૭, સાંનિધ્ય બંગ્લોઝ, રઘુનંદન પાર્ક, ઈન્કમટેક્સ ઑફિસ પાછળ, રેસકોર્ષ રીંગ રોડ (પશ્ચિમ), રાજકોટ - ૧

સંપાદન સહાયક મંડળ :
**હર્ષદભાઈ ઠકરાર, લલિતભાઈ ઉપાધ્યાય, કમલેશભાઈ માંડવિયા, તેજસ વસા**

સંપર્ક માટે : **શ્રી હર્ષદભાઈ ઠકરાર - મો : ૦૯૪૨૭૨ ૨૨૪૧૫**

અર્પણ (દાન) 80G નીચે ઈન્કમટેક્ષ - રાહતને પાત્ર છે.
એન. આર.આઈ. ગ્રાહકો ભારતીય - ચલણનો રાજકોટમાં જ ચૂકવાય તેવો ડ્રાફ્ટ/ ચેક મોકલાવે.
કૃપયા મનીઓર્ડર નહિ પરંતુ રાજકોટમાં વસૂલ થાય તેવા ચેક, ડ્રાફટ,
**'મા શ્રી અરવિન્દ સાધના ટ્રસ્ટ - રાજકોટ'**ના નામે રાજકોટમાં જ ચૂકવાય તેવો મોકલશો.
આપનું નામ, સરનામું, જૂનો ગ્રાહક નં. અથવા નવા ગ્રાહક તરીકેનો અચૂક ઉલ્લેખ કરશો.



(આ અંકમાંના શ્રી માતાજી - શ્રી અરવિન્દનાં લખાણો તથા તસ્વીરો શ્રી અરવિન્દ આશ્રમ - પોંડિચેરીના કોપીરાઈટ છે.)

# સદાવિજયી પ્રભુ

**સમજૂતી** - માનસિંહ ચાવડા

આપણા જીવનનું ધ્યેય સર કરવું એ જ મહત્વની વસ્તુ છે અને તે ધ્યેય વિષે અગાઉથી ન જાણવું ઘણી વખત ફાયદામાં જ રહે છે, કારણ તેમની વિરોધીશક્તિ તેથી સક્રિય થતી નથી અને કાર્ય વિના સંકટે પાર પડે છે.

ઘણાને પ્રશ્ન ઉભો થાય છે, શું ખરેખર પૃથ્વી ઉપર પ્રભુના કાર્યનો મહત્વનો તબક્કો પાર પાડવાની ક્ષણ આવી છે ? અને શું તે મહત્વનો તબક્કો હાંસલ કરવાની ક્ષમતા માનવજાત માં છે ?

માતાજી જણાવે છે કે પ્રભુએ તેમને બન્ને બાબતની સ્પષ્ટ ખાતરી આપી છે. વધારામાં ધરતીમાતાએ પોતે સહકાર પૂરશે એવું વચન આપેલું છે. માતાજી અહિં પ્રકૃતિને, ધરતીમાતાને વિશ્વચેતના તરીકે સંબોધે છે. પ્રકૃતિ એટલે આજના તબક્કે અશુદ્ધ મન, પ્રાણ, શરીર દ્વારા પ્રગટ થતી વિશ્વચેતના જ છે.

માતાજી એ પણ જણાવે છે કે તેમને આ કાર્યમાં મહત્વનો ફાળો ભજવવાનો છે એવું પણ તેમને જણાવેલ છે.

પ્રભુના કાર્યને વિરોધી શક્તિઓનું જૂથ વિરોધ કરે છે પણ પ્રભુ એવા સિફતથી, યુક્તિથી, તેમના વિરોધી કાર્યોનો ઉપયોગ કરી લે છે કે તે વસ્તુ વિરોધી બળોનાં પણ ધ્યાનમાં નથી આવતી.

પ્રભુ તારી યોજના પણ તું અમારા બધાથી ગુપ્ત રાખે છે અને તે યોજનામાં કયા સાધનો વપરાશે તે પણ ગુપ્ત રાખે છે. તેથી તે બાબતનું જ્ઞાન નથી માનવોને, નથી દેવોને, નથી અસુરોને.

પણ આપણે પ્રભુના આયોજનમાં તે કામ કેટલું મહત્વનું છે તે બીજા એક આડકતરા પુરાવા ઉપરથી જાણી શકીએ છીએ. જેટલા વિરોધી બળોનું જૂથ

(અનુ.પૃ. ૩૦ ઉપર)

# શ્રી અરવિન્દનું માનવજાતિને પ્રદાન

- જ્યોતિબેન થાનકી

## પૂર્વભૂમિકા

(ગતાંકથી ચાલુ)

**સાહિત્ય, યોગ ને સાધનાનો પથદર્શક મહાન ગ્રંથ સાવિત્રી :**

શ્રી અરવિન્દ અને શ્રી માતાજીની યુગપરિવર્તન કાજે થયેલી અદ્વિતીય સાધનાની કાવ્યમય અભિવ્યક્તિ એટલે 'સાવિત્રી' મહાકાવ્ય. મહાભારતના વનપર્વમાં આવતી સત્યવાન સાવિત્રીની કથાને રૂપક તરીકે લઈને શ્રી અરવિન્દે અશ્વપતિની સાધનામાં પોતાની સાધના અને સાવિત્રીની સાધનામાં શ્રી માતાજીની સાધના વર્ણવી છે. અંગ્રેજી ભાષામાં બ્લેકવર્સ છંદમાં ચોવીસ હજાર પંક્તિઓમાં શ્રી અરવિન્દે આ મહાકાવ્ય લખ્યું છે. પરંતુ આ માત્ર મહાકાવ્ય નથી, કે સાહિત્યની માત્ર ઉત્કૃષ્ટ કૃતિ જ નથી, પણ સાથે સાથે યોગમાર્ગનો પથદર્શક પણ ગ્રંથ છે.

શ્રી માતાજી કહે છે તેમ સાવિત્રી કંઈ સામાન્ય ગ્રંથ નથી. એમાં તો શ્રી અરવિન્દે પોતાના દિવ્યરૂપાંતરના યોગને કાવ્યમય વાણીમાં રજૂ કર્યો છે. પરંતુ માનવજાતિ હજુ આ યોગ માટે તૈયાર નથી. શ્રી માતાજી કહે છે કે માનવજાતિ માટે સાવિત્રી ઘણે ઊંચે ને ઘણી વિશાળ છે. સાવિત્રીમાં શ્રી અરવિન્દે મૂકેલું દર્શન અને અનુભૂતિઓ સામાન્ય પ્રકારનાં નથી. એટલે સાવિત્રી કોઈને સહેલાઈથી સમજાતી નથી. તેને સમજવા માટે પ્રખર બુદ્ધિમત્તાની આવશ્યકતા નથી, પણ દિવ્યશક્તિ પ્રત્યે અંતરનું ખુલ્લાપણું અને આત્માના ભાવિ સામ્રાજ્યમાં શ્રદ્ધા હોય તો ગમે તેવી સામાન્ય બુદ્ધિ ધરાવતી વ્યક્તિ પણ તેને સમજી શકે છે, સાવિત્રી મન અને બુદ્ધિથી અગ્રાહ્ય છે. શ્રી માતાજી કહે છે, તે મનમાં કે મન દ્વારા પ્રગટ થતી નથી, પણ તે ધ્યાનમાં પ્રગટ થાય છે.

'સાવિત્રી'માં શ્રી અરવિન્દે ભાવિમાં પ્રગટનાર નવા જગતનું દર્શન આપ્યું છે અને તે પણ તેમણે પોતે જે અનુભવ્યું છે, તે જ તેમણે રજૂ કર્યું છે. આ વિશે શ્રી અરવિન્દે પોતે જણાવ્યું છે કે ''સાવિત્રીમાં કોઈપણ જગ્યાએ કેવળ સારું ચિત્ર ઉપસાવવા કે ભાષાના પ્રયોગની સસ્તી અસર ઉપજાવવા માટે કશું જ લખ્યું નથી. આખા કાવ્યમાં મેં જે જોયું છે, અનુભવ્યું છે, અથવા અંતરમાં જાણ્યું છે, તે જ વ્યક્ત કરવાનો પ્રયત્ન કર્યો છે.'' શ્રી અરવિન્દે પોતાનો ગ્રંથ ફક્ત ગ્રંથ જ ન બની રહેતાં રૂપાંતરના યોગનો ભોમિયો બની રહે તેની કાળજી લીધી છે. સાવિત્રી માનવને અનેક સૂક્ષ્માતિસૂક્ષ્મ પ્રદેશોની યાત્રા કરાવતી આત્માના પ્રદેશમાં લઈ જાય છે. તે પરાત્પરના બંધ દ્વારોને ખોલીને ત્યાંથી પરમદિવ્ય પ્રકાશને પૃથ્વી ઉપર ઉતારી લાવતી મહાશક્તિ છે. શ્રી માતાજી કહે છે કે ''આ પૃથ્વી ઉપર ''સાવિત્રી''ની સાથે સરખાવી શકાય તેવું કશું જ નથી.''

શ્રી અરવિન્દે અનેક યુગો સુધી ચાલે તેટલું ભાથું ''સાવિત્રી'' દ્વારા માનવજાતિને આપી દીધું છે. તેમણે વિશ્વને બીજું કશું જ ન આપ્યું હોત પણ માત્ર ''સાવિત્રી'' જ આપી હોત તો પણ વિશ્વ સદાને માટે એમનું ઋણી રહેત. ભાવિ પ્રજાના હૃદયમાં શ્રી અરવિન્દનું સ્થાન યુગો સુધી રહેશે, જેવું આજે શ્રી રામ અને શ્રીકૃષ્ણનું છે. જેમ આજે રામાયણ અને શ્રીમદ્ ભાગવત્‌ની કથા ઘરે ઘરે વંચાય છે અને અત્યારની માનવજાતિ માટે આ પરમ પવિત્ર ગ્રંથો છે, આદર્શ ગ્રંથો છે, એવું ભવિષ્યની દિવ્ય માનવજાતિ માટે ''સાવિત્રી''નું સ્થાન હશે. દિવ્યતાના વિરાટ વૃક્ષને શ્રી અરવિન્દ ''સાવિત્રી'' દ્વારા સૂક્ષ્મ ભૂમિકામાં રોપી ગયા છે. જ્યારે સમગ્ર પાર્થિવ ચેતના તૈયાર થઈ જશે, ત્યારે એ વૃક્ષ પાર્થિવ ચેતનામાં પાંગરશે અને પૃથ્વી ઉપર પ્રભુનું સામ્રાજ્ય રચાશે. ત્યારે માનવ ચેતનાનું દિવ્ય ચેતનામાં રૂપાંતર થશે. શ્રી અરવિન્દે પોતે સાધના કરી, અને સૂક્ષ્મમાં એ બધું તૈયાર કરી આપ્યું એટલું જ નહીં, પણ સમગ્ર વિશ્વને માટે એ સાધનાપથને વિશ્વભાષા અંગ્રેજીમાં શબ્દાંકિત કરી સમગ્ર માનવજાતિને માટે યુગો સુધી ચાલે તેટલું દિવ્ય પાથેય આપી દીધું. એ માટે પણ માનવજાતિ સદાકાળ શ્રી અરવિન્દની ઋણી રહેશે.

આ રીતે શ્રી અરવિન્દના જીવન જેવું જ ભવ્ય દિવ્ય અને મહિમામય એમનું સર્જન પણ છે. શ્રી અરવિન્દની પ્રત્યક્ષ મુલાકાત લેનાર કે સુબ્બારાવ આ વિશે લખે છે; ''શ્રીઅરવિન્દની બરોબરી કરી શકે તેવું જીવન આપણી દ્રષ્ટિએ ચઢતું નથી. કેવળ બુદ્ધિનું જ સર્જન લઈએ તો જગતમાં બુદ્ધિના સર્જનોના હિમાલય જેવાં શિખરોને તેમનું સર્જન ગુણમાં અને સંખ્યામાં ટપી જાય છે.'' લંડન ટાઈમ્સે શ્રી અરવિન્દના લખાણોને બિરદાવતાં લખ્યું હતું : 'શ્રી અરવિન્દ જાણે ગ્રહો અને નક્ષત્રોની વચ્ચે તેમની ઊંચાઈએ તેમની સાથે ઊભાં રહીને લખે છે.' મનથી ક્યાંય ઉપરના દિવ્ય પ્રદેશોમાંથી જ્ઞાનગંગાને વહાવતી સરવાણી જાણે ધોધની પેઠે એમનામાં ઊતરી આવી અને ભગવાન શિવની માફક એમણે એ જ્ઞાનગંગાને સમગ્ર માનવજાતિના ઉદ્ધાર માટે વહેતી કરી એ આ યુગની અજોડ ઘટના છે.

શ્રી અરવિન્દ પૃથ્વી ઉપર આવ્યા અને અત્યાર સુધી અપ્રગટ રહેલા અતિમનસ પ્રકાશને પાર્થિવ ચેતનામાં સક્રિય કરી ગયા અને તેના પરિણામે હવે અત્યાર સુધી ઉપેક્ષિત રહેલા જડદ્રવ્યમાં પણ દિવ્ય પ્રકાશ જાગી ઊઠ્યો. એથી દુઃખ અને મૃત્યુથી ત્રસ્ત માનવજાતિનું અંધકારમય ભાવિ તેજોમય બની ગયું. શ્રી માતાજીએ જણાવ્યું હતું કે પ્રભુના સંકલ્પ દ્વારા રચાતા ભવ્ય ભવિષ્યનો સાક્ષાત્કાર ઝડપી બનાવવા માટેનો માર્ગ બતાવવા શ્રી અરવિન્દ આવ્યા હતા. આમ શ્રી અરવિન્દે સમગ્ર માનવજાતિને પ્રભુના સંકલ્પ દ્વારા રચાઈ રહેલા ભવ્ય તેજોમય ભવિષ્યની અજોડ ભેટ આપી છે. એથી મોટું બીજું પ્રદાન કયું હોઈ શકે ? સમગ્ર માનવજાતિના અંધકારમય ભવિષ્યને તેજોમય બનાવવા માટે આ યુગમાં અજોડ તપશ્ચર્યા કરનાર એ યુગદ્રષ્ટાના ચરણોમાં શતશત પ્રણામ. શ્રી માતાજીએ શ્રી અરવિન્દની સમાધિ પર જે પ્રાર્થના મૂકાવી છે, તે પ્રાર્થના કરી આપણે સમાપન કરીએ.

અમાર ગુરુએ ધારણ કરેલા હે, પાર્થિવ આવરણ,
તારા અમે અનંતભાવે કૃતજ્ઞ છીએ.
અને હે ગુરો, નમન છે, અમારા આપને ચરણે (અનુ.પૃ.૧૧ ઉપર)

# બ્રહ્મ અને જગત

પ્રકરણ - ૯

**સમજૂતી** - માનસિંહ ચાવડા

આપણે આ પ્રકૃતિનાં જ એક અંશ છીએ અને આપણા ધ્યેયો, આપણી ઈચ્છાઓ, કામનાઓ અને સપનાઓ કરતાં આ વૈશ્વિક પ્રવાહનો કોઈ જુદો જ હેતુ છે કારણ તે પ્રવાહ આપણી ઈચ્છા અને કામનાઓ મુજબ વહેતો નથી પણ પોતાની રીતે જ વહે છે અને ઘણી વખત તો તે આપણી અપેક્ષાઓને તોડી ફોડી નાંખે છે. તેનો પોતાનો સ્વતંત્ર કોઈ હેતુ છે જે સાધક કે વ્યક્તિએ હજી જાણ્યો નથી. જ્યારે જ્યારે વ્યક્તિ તે પ્રકૃતિના પ્રવાહના હેતુઓ સાથે પોતાને સંવાદમાં રાખે છે, ત્યારે તેની પણ ઈચ્છાઓ પૂરી થાય છે. જ્યારે જ્યારે તેથી વિરૂદ્ધ જાય છે ત્યારે ત્યારે તે વ્યક્તિઓનો અપેક્ષાભંગ કરે છે.

આનો અર્થ એ નથી કે તે વૈશ્વિક પ્રવાહને આપણી કાંઈ પડી જ નથી. આ પ્રકૃતિ પોતાનું કાર્ય ખૂબ જ ઝીણવટથી યોજનાનુસાર અને ખૂબ જ ખંતથી કરતી હોય છે. દરેક રચનામાં વધારેમાં વધારે પૂર્ણતા લાવવાનો પ્રયત્ન કરે છે. જેટલું ધ્યાન અને એકાગ્રતા તે સમગ્ર પૃથ્વીની આંતર રચના કરવામાં આપે છે તેટલું જ ધ્યાન અને એકાગ્રતા તે રાફડાની આંતરરચના કરવામાં પણ વાપરે છે. પ્રકૃતિને બધા જ સમાન છે. માનવી ધારા-ધોરણ પ્રમાણે તે મહત્ત્વ તો છે જ, પણ આ રચના કરવા પાછળ તેનો જે હેતુ છે તે આપણે જાણતા નથી. તેથી જ ઘણી વખત આપણે તેની વિરૂદ્ધ જઈને પોતાને દુઃખી કરી બેસીએ છીએ. આપણે સુખી થવા માટે તેનો હેતુ જાણી લેવો જરૂરી છે અને તે હેતુ સાથે સંવાદમાં રહેતાં શીખવું જરૂરી છે.

વિશ્વની દરેક વસ્તુ અને વ્યક્તિની અંદર રહીને એક જ સર્વવ્યાપી શક્તિ તે વસ્તુની રચના કરી રહી છે. આ શક્તિ સાથે એકરૂપતા સાધ્યા સિવાય તેનો આ

જગત નિર્મિતિ પાછળનો અર્થ અને હેતુ આપણને નહિં સમજાય. તે હેતુ સમજવા આપણે આપણી આંતરપ્રજ્ઞાનો ઉપયોગ કરવો પડશે, કારણ પ્રકૃતિ સાથે તાદાત્મ્યભાવ સ્વીકાર્યા બાદ જ પ્રકૃતિની અંદર રહેલો હેતુ આપણે જાણી શકીશું. આ આદિમ શક્તિ અને આપણી વચ્ચે જે સંબંધ છે તે બાબતમાં આપણે ઘણી ગેરસમજ છે. આપણે સ્વકેન્દ્રી થઈને પોતાને જ વધારે પડતું મહત્ત્વ આપીએ છીએ. આ સ્વકેન્દ્રી વ્યક્તિને જ અહંકાર કહેવામાં આવે છે. આપણે પોતાને જે વધુ પડતું મહત્ત્વ આપીએ છીએ તે વાસ્તવિક નથી, પણ આપણા મનની માન્યતા માત્ર છે. અર્થાત્ તે અજ્ઞાન છે અને આપણું મન આ અજ્ઞાનને કારણે પેલી આદિમ શક્તિ બાબત અને તેના આપણી સાથેના સંબંધ બાબત ઘણી ગેરસમજો ધરાવે છે. આ વિશ્વની ઘટનાઓ આપણ મનોમય ધોરણો અનુસાર નથી ચાલતાં. તેને પોતાના નિયમો છે. તેથી આપણી પોતાની મહત્ત્વ અને મૂલ્યો આપવાની પદ્ધતિ ખોટી છે, અને વૈશ્વિક શક્તિના સાચા હેતુઓથી તદ્દન જુદી અને ઘણી વખત વિરૂદ્ધ સ્વરૂપની હોય છે.

આપણે ખરેખર વૈશ્વિક રચનાનાં અને વૈશ્વિક પ્રક્રિયાનાં એક અંશમાત્ર છીએ અને તેથી તેને આપણી દ્વારા જ સર્વાંગપૂર્ણ રીતે જાણી તેને આપણી મારફત પ્રકટ કરવાનો પ્રયત્ન કરવાનો છે.આ પ્રયત્ન એ જ દિવ્ય-જીવનની સાધના બની જાય છે. આપણા વિચારો, ભાવનાઓ અને કર્મમાં અર્થાત્ મન, પ્રાણ અને શરીરમાં પેલી વૈશ્વિકશક્તિને શુદ્ધ સ્વરૂપે પ્રકટ કરવાનો પ્રયત્ન કરશું તો જ આપણને દિવ્ય-જીવનની સિદ્ધિ મળશે.

વેદાંતી તો વૈશ્વિક શક્તિને અંતિમ શક્તિ માનતાં નથી. તેઓ આથી પણ આગળ જઈને જણાવે છે કે વૈશ્વિક શક્તિ એ પણ વિશ્વાતીત શક્તિનો અંશ છે. આ વિશ્વાતીત શક્તિ છે તે ખરેખર તો વિશ્વાતીત તત્ત્વનું જ સક્રિય સ્વરૂપ છે. જેમ મોટા ડેમમાં સ્થિર પાણી હોય અને તેમાંથી જ નીકળતો જલપ્રવાહ ડેમના દ્વારો દ્વારા નીચે ધોધ તરીકે પડે છે તેમ, આ વિશ્વાતીત શક્તિ પણ એક વિશ્વાતીત તત્ત્વનો નાનકડો સક્રિય ભાગ માત્ર છે. જે વિશ્વાતીત તત્ત્વ છે તે તદ્દન નિષ્ક્રિય, અચલ, અખંડ, સર્વવ્યાપી અને 'સત્' સ્વરૂપ છે, અર્થાત્ તે ફક્ત એક શુદ્ધ

અસ્તિત્વ સ્વરૂપ છે. તેમાં કોઈ વિશેષ ગુણ નથી તદ્દન નિર્ગુણ છે અને તેથી તેને રંગરૂપ ન હોવાથી તે ઈન્દ્રિયો દ્વારા ગ્રહણ કરાય એવું પણ નથી. તેથી તે અતિન્દ્રિય પણ છે. એવા એ 'સત્' રૂપી અવકાશમાં પેલી વિશ્વાતીતશક્તિ વહી રહી છે. સક્રિય રીતે બ્રહ્માંડને નિર્માણ કરી રહી છે અને આ 'સત્' તત્ત્વે તો સમગ્ર બ્રહ્માંડને પોતામાં ધારણ કરી રાખેલ છે. આ સત્-તત્ત્વ બ્રહ્માંડમાંની દરેક વસ્તુ માત્રમાં 'અસ્તિત્વ' સ્વરૂપે રહેલું છે. ઓતપ્રોત થઈને રહેલ છે, અને તે સમસ્ત બ્રહ્માંડનો અંતિમ આધાર છે. તેના આધાર વગર આ વિશ્વાતીત શક્તિ કાર્ય કરી શકતી નથી. જેમ ઈથર વગર ધ્વનિ પ્રવાસ કરી શકતો નથી, તેવી જ સ્થિતિ આ સત્ તત્ત્વ અને વૈશ્વિક શક્તિની છે.

તર્કપ્રધાન ચિકિત્સકો તો એમ કહે છે કે જગતમાં સ્થિર કાંઈ નથી. બધી વસ્તુઓ ગતિમાન છે. આપણને કોઈ વસ્તુ સ્થિર લાગે છે એ ભ્રમ માત્ર છે. જેમ બે ટ્રેનો ગતિમાં હોય ત્યારે ટ્રેનમાં બેસેલાને એક ટ્રેન ગતિમાન અને બીજી સ્થિર લાગે છે. કારણ તે બંને ગતિમાન ટ્રેનોની ગતિઓમાં તફાવત છે. જે ધીમી ગતિની હોય છે તે સ્થિર લાગે છે જ્યારે વધારે ગતિવાળી ગતિમાન લાગે છે. સારાંશ, ગતિમાં રહેલા ભેદને કારણે સ્થિરતાનો આભાસ થાય છે. પણ તે વાસ્તવિક નથી ભ્રમ માત્ર છે. આપણી પૃથ્વી આપણને સ્થિર લાગે છે અને સૂર્ય ગતિમાન લાગે છે. આ દ્રષ્ટિભ્રમ જ છે. (ક્રમશઃ)

---

(પૃ.૮ ઉપરથી આગળ)

**પૂર્વભૂમિકા**

આપે અમારા માટે કેટકેટલું કર્યું છે !
આપે કાર્ય ઉપાડ્યું, જંગ ખેલ્યા, ઘા વેઠ્યા,
આશાઓ સેવી, કેટકેટલું તપ્યા !
હે ગુરો, આપે સકલ સિદ્ધિને માટે સંકલ્પ સેવ્યો.
એ સર્વને સિદ્ધ કરતી સાધના આરંભી.
તૈયાર કરીને અમારા માટે સર્વ કંઈ સિદ્ધ કરી આપ્યું
આપને નમન છે અને પ્રાર્થના છે કે
આપના પ્રત્યેનું અમારું ઋણ અમે કદી પણ
એક ક્ષણ માટે પણ ભૂલીએ નહીં.

## માતૃવાણી
- શ્રી માતાજી

### અવતરણો

# ભાગવત-સંકલ્પને જાણવાની રીત

(માતૃવાણી - ૪, પૃ.૯૬-૧૦૦)

**સમજૂતી** - માનસિંહ ચાવડા

૧ ભગવાન સાથે એકતા કરવાથી તેઓ (શક્તિઓ) આપે છે. તેમનો ઉપયોગ ભગવાનની ઇચ્છા સફળ કરવામાં થવો જોઈએ. પૃ.૯૬

૨ પ્રાણમય-સત્ત્વો સાથે કામ પાર પાડવું સલાહભરેલું નથી. પૃ.૯૭

૩ નાનાં નાનાં પ્રાણમય-સત્ત્વો..... તમારી સાથે રમત રમે છે અને પછી બધું ખલાસ થઈ જાય છે. પૃ.૯૮

૪ ભાગવત-સંકલ્પ સાથે સુસંગત હોય તે સિવાયની બીજી કોઈ વસ્તુથી દોરવાઈ કાર્ય ન કરવું. પૃ.૯૮

૫ (ભાગવત-સંકલ્પમાં) તમારા હ્રદયની નીરવતામાં જે શાંત અને સ્થિર, મૃદુ સાદ પ્રગટ થાય છે તે તમારે ધ્યાનપૂર્વક સાંભળવાનો રહે છે. પૃ.૯૮

૬ એ વાણી સાંભળવા માટે તમારે તદ્દન સાચા દિલના થઈ રહેવું જોઈએ. પૃ.૯૮

૭ જ્યારે તમે ભાગવત-સંકલ્પથી વિરુદ્ધ કશું કરતા નહિ હો, ત્યારે કદાચ તમને તેનો કોઈ ચોક્કસ અણસાર નહિ મળે. પૃ.૯૮

૮ (ભાગવત-સંકલ્પ વિરુદ્ધ જવાથી) અચાનક તમને ક્યાંક કંઈક જરા જેટલી બેચેની જણાય છે. પૃ.૯૮

૯ એ ક્ષણે જે કંઈ કરતા હો તે કામ બંધ કરીને તમારી જાતનું નિરીક્ષણ કરવું

**જોઈએ..... જો તમારામાં અંતરની સચ્ચાઈ હશે તો તમને તમારા સ્વરૂપમાં એક નાનું કાળું ટપકું (અધમવિચાર, ભાવના કે કૃતિ કરવાનો સંકલ્પ) દેખાશે. તે તમારી અસ્વસ્થતાનું ઉગમસ્થાન છે. (અહંની નાનીશી ચાલ) પૃ.૯૯**

**૧૦ તમારા વ્યક્તિત્વમાં ઐક્ય સ્થાપવાનું આ પ્રથમ પગલું છે. પોતાના કેન્દ્રમાં ભાગવત-સંકલ્પની સતત અભિવ્યક્તિ ધારણ કરનાર વ્યક્તિ થવું, એ સંકલ્પ અનુસાર કાર્ય કરનાર વ્યક્તિ થવું. આ પ્રયત્ન કરવા જેવો છે. પૃ.૯૯**

❖

પ્રભુ સાથે એકરૂપ થઈ જવાથી પ્રભુમાં રહેલ દિવ્યશક્તિઓ આપણા સ્વરૂપમાં પ્રવાહિત થતી હોય છે. મૂળ તો બધી જ દિવ્ય શક્તિઓ પ્રજ્ઞાશક્તિનાં જ વિવિધરૂપો છે. પ્રજ્ઞાશક્તિ આ પ્રભુની સર્જન અને જ્ઞાનશક્તિ છે. તે પ્રકાશમય છે. પ્રભુ સાથેની એકરૂપતા પ્રજ્ઞાશક્તિના પ્રવાહને ખેંચી લાવે છે. તેની પાછળ અનેક દિવ્ય-ક્ષમતાઓ પણ આપણી પ્રકૃતિની વિશેષતા ધ્યાનમાં લઈને પ્રગટ થતી હોય છે.

તેથી દિવ્યશકિતઓ મળે તો તે પ્રભુના કાર્ય માટે જ મળેલી હોવાથી તે માટે જ વપરાવી જોઈએ. પ્રભુનું આયોજન સફળ કરવામાં જ તેનો ઉપયોગ થવો જોઈએ.

આ પ્રજ્ઞાશક્તિએ આપેલી દિવ્યક્ષમતાઓ અને નાના નાનાં પ્રાણમય-સત્ત્વોએ આપણા માટે વાપરેલી તેમની અસાધારણ ક્ષમતાઓ એક જ નથી. પ્રાણમય સત્ત્વોને માનવો સાથે રમત રમવામાં મજા આવે છે. તે રમત બિલાડી-ઉંદર જેવી પુરવાર થાય છે. આપણો સર્વનાશ એ જ આ સત્ત્વોનું ધ્યેય હોય છે. આપણને હાથા બનાવી પ્રાણશક્તિ શોષી લેવી એ તેમનું ધ્યેય હોય છે, તેથી આવા તત્ત્વો સાથે સંપર્કમાં રહી ચમત્કાર કરવા હિતાવહ જરાપણ નથી.

માતાજી એક વેપારીનો દાખલો આપે છે. તેને એક પ્રાણમય સત્ત્વ લૉટરી અને સટ્ટાકીય ધંધા બાબત માર્ગદર્શન આપતું. તે તેમાંથી ઘણા પૈસા કમાયો. બધાને કહેતો, ''મારા જેમ પ્રાણમય સત્ત્વોને મિત્ર બનાવો અને કરોડપતિ થાઓ.''

અ પ્રાણમય-સત્ત્વે તેને કહ્યું, ''બધું જ છે તે દાવ ઉપર લગાડી દે, તું હવે જગતમાં સહુથી વધારે ધનવાન બની જવાનો છે.'' તેણે તે મુજબ કર્યું. કરોડપતિ

નહિ પણ રોડપતિ બની ગયો !

તેથી સાચા સાધકે જીવનમાં નીચેના નિયમો ખાસ પાળવા : (૧) ભાગવત-સંકલ્પ સાથે જે સુસંગત હોય તેની સિવાય અન્ય વસ્તુથી કોઈ વખત દોરવાઈ જવું નહિ. (૨) ભાગવત વાણી સાંભળવા માટે તદ્દન સાચા દિલના થઈને રહો તો જ તે વાણી સંભળાશે. (૩) તમારા હૃદયને નિરવ કરી દો. તે નિરવતામાં જ જે શાંત, સ્થિર, મૃદુ, સાદ પ્રગટ થાય છે તે જ ભાગવત - વાણી હોય છે. (૪) તમે ભાગવત - સંકલ્પથી કોઈ વસ્તુ વિરોધી ન કરતા હો તો તે સંકલ્પ પ્રકટ થતો નથી. (૫) જ્યારે તમે ભાગવત-સંકલ્પથી વિરુદ્ધ કોઈ વિચાર, ભાવ કે સંકલ્પ કરો છો ત્યારે તમને હૃદયમાં વિનાકારણ એક બેચેની અનુભવાય છે. (૬) તે સૂચના સમજીને તે વખતે જે તમે કરતાં હો તે બંધ કરીને પોતાની જાતનું દિલની સચ્ચાઈથી નિરીક્ષણ કરવા માંડો. તમને કોઈક કુવિચાર, અધમભાવ, વિકૃત- સંકલ્પ જણાશે. તે તમારા આંતર- સ્વરૂપમાં એક નાનકડા કાળા ટપકાં જેવું દેખાય છે, જે સતત હાલચાલ કરતું હોય, કાર્યાન્વિત થવા જોર કરતું હોય તેનો તત્કાળ ત્યાગ કરો. (૭) અહંકારની આવી નાની નાની ચાલો જ અસ્વસ્થતા નિર્માણ કરે છે, તેથી અહંકારને પ્રભુને સમર્પિત રહેવાની કઠોર ટેવ પાડો. (૮) ધ્યાન રાખો, સાચા દિલનાં હશો તો જરૂર યશસ્વી થશો, કારણ પ્રભુ તમારી પડખે છે.

પ્રભુના સંકલ્પને, ભાગવત-સંકલ્પને ઓળખવાના, અનુસરવાના આ સર્વસામાન્ય અનુભૂત નિયમો છે. આપણા સ્વરૂપમાં ઐક્યતા સ્થાપવાનું આ પ્રથમ પગલું હોય છે. સદા ભાગવત-સંકલ્પને ધારણ કરો. તેને જ અનુસરો.

આમ કરશો તો સમગ્ર જીવન રસમય અને સજીવન, આનંદમય બની જશે એની માતાજી ખાતરી આપે છે.


## રાજકોટ કેન્દ્રના નવા પ્રકાશનો

લે. માનસિંહ ચાવડા

૧ પૂર્ણયોગની પ્રશ્નોતરી - પૃ.૯૬ - **કિં.૧૦૦/-**
(યોગના મૂળતત્ત્વોનો ભાવાનુવાદ)

૨ શ્રી અરવિન્દના સોનેટસ્ કાવ્યો - પૃ.૧૪૪ - **કિં. ૧૨૫/-**
(શ્રી અરવિન્દની અનુભૂતિઓનું કાવ્યાત્મક વર્ણન કરતા અંગ્રેજી કાવ્યોનો ભાવાનુવાદ)

ડિસ્કાઉન્ટ ૨૦%, પોસ્ટેજ ખર્ચ અલગ **-ટ્રસ્ટીશ્રીઓ**

# સાચી સમજણનો ઉદય

પ્રકરણ-૧૩૯

(Savitri B-1, C-4, P-65-67)

An automaton stepping in the grooves of Fate,
He stumbles on driven by her whip of Force:
His thought labours, a bullock in Time's fields;
His will he thinks his own is shaped in her forge.
Obedient to World-Nature's dumb control.

માનવની પ્રકૃતિ પૂર્વકર્માનુસાર ઘડાએલી હોય છે. જાણે તેમાં પ્રકૃતિનું સર્કિટ રચાએલું હોય છે ! તે સર્કિટ (grooves of Fate) પ્રમાણે જ પ્રકૃતિ તો યંત્રવત્ (automaton) કાર્ય કરતી હોય છે પણ આ પોતાના પ્રકૃતિની રીતથી વ્યક્તિ અજાણ હોવાથી પોતે જ પોતાની રીતે નિર્ણય લઇને વર્તે છે એવા વૃથા વિચારોમાં જ જીવતો હોય છે. જ્યારે પોતાની ઇચ્છા મુજબ ઘટનાઓ બનતી નથી અને તે જાણે ગબડી પડે છે (stumbles) ત્યારે તેને લાગે છે કે તેના જીવનનું નિયંત્રણ કરનાર કોઇક તત્ત્વ છે જેની ઉપર તેનું જરા પણ નિયંત્રણ નથી. તેની અપેક્ષા વિરુદ્ધ પ્રકૃત્તિ શા માટે વર્તે છે તે તે સમજી શકતો નથી અને તેથી પ્રકૃતિ પોતાના લહેરી સ્વભાવ નીચે (her whip of Force) વર્તે છે એમ તેને લાગે છે. ખરેખર આ તેની ગેરસમજ હોય છે. પ્રકૃતિનું પોતાનું તેની બાબતનું ગૂઢ આયોજન હોય છે, જે પ્રભુએ તેના માટે સેવેલા સંકલ્પાનુસાર હોય છે. પ્રકૃતિ તો પ્રભુના સંકલ્પની વાહક અને કારક છે.

આવી કપરી પરિસ્થિતિમાં વ્યક્તિ પોતાની બુદ્ધિ લડાવીને તેમાંથી માર્ગ

કાઢવાનો પ્રયત્ન કરતો હોય છે અને ભ્રમમાં રહે છે કે તેની બુદ્ધિ તો સ્વતંત્ર જ છે પણ પ્રકૃતિ તે બુદ્ધિની પણ પાછળથી સંચાલન કરતી હોય છે. તેનું તેને જ્ઞાન હોતું નથી. તે તો પરિસ્થિતિનુસાર (Time's fields) ઘાણીના બળદની જેમ (bullock) ત્યાં ને ત્યાં આંટા મારતો હોય છે. તેને કોઈ માર્ગ જડતો જ નથી. છતાં તેને તો એમ જ લાગે છે કે પોતે પોતાના ધ્યેય અનુસાર જ (will) પોતાનું આયોજન કરી રહ્યો છે. જગન્માતા આવા ભ્રામક ધ્યેયો રચીને તેને દોડાવે છે અને તેની આ કસરત દ્વારા તેને પ્રભુના આયોજન મુજબ જ ઘાટ આપે છે (shaped in her forge)

આવી રીતે વિશ્વપ્રકૃતિ પોતાનું નિયંત્રણ મૂક રીતે, ગુપ્ત રીતે (dumb) પાર પાડતી હોય છે અને તે અનુસાર જીવ ઘડાતો હોય છે.

Driven by his own formidable Power,
His chosen partner in a titan game
Her will he has made the master of his fate,
Her whim the dispenser of his pleasure and pain;
He has sold himself into her regal power
For any blow or boon that she may choose:
Even in what is suffering to our sense,
He feels the sweetness of her mastering touch,

આવા તો સહસ્રાવધિ આત્માઓને એકી સાથે વિકસાવવાનું આયોજન વિશ્વપ્રકૃતિએ કરેલ છે. તે બધાનું સમગ્ર આયોજન એ એક અતિ વિશાળ રમત (titan game) જેવું પ્રકૃતિને લાગે છે અને તે રમતનાં પાર્ટનર, સહભાગી ભાગીદાર હોય છે અનંત જીવો. પ્રકૃતિએ કયા જીવ સાથે કેવી રીતે રમત રમવાની છે તેનો નિર્ણય લઈ જ લીધેલો હોય છે અને એ રીતે તે પ્રકૃતિએ જ પસંદ કરેલો તેની રમતમાંનો પાર્ટનર હોય છે. (chosen partner)

જ્યારે આધ્યાત્મિક વાસ્તવિકતાઓનું જીવને ભાન થાય છે ત્યારે તેનો આ સમગ્ર પ્રત્યેનો અભિગમ જ બદલાઈ જાય છે. હવે તે જાણે છે કે વિશ્વ પ્રકૃતિ સ્વરૂપ જગન્માતાની ઈચ્છા જ સર્વોપરી છે, તેના હિતમાં છે, જગન્માતા જ તેનાં

સાચા હિતેચ્છુ છે. તેથી તે જગત્માતાનાં સંકલ્પો અને આયોજનોને સહર્ષ સ્વીકારતો થાય છે. પોતાના ભાગ્યવિધાતા (master of his fate) જગન્માતા જ છે એ તે હવે સારી રીતે જાણે છે.

આ સમર્પણ ભાવને કારણે જગન્માતાના આયોજન મુજબ તેના જીવનમાં જે સુખદુઃખોના તડકા છાંયડા અનુભવાતા હોય છે, તે તેને આકરાં લાગતા નથી- જગન્માતા જે કઠોર કેળવણી આપી રહી છે, તેનો તે ભાગ સમજે છે અને તેને કારણે વિકસતી પોતાની ચેતનાની પ્રગતિમાં જ આનંદ લે છે. આ પણ પ્રકૃતિમાતાના દુઃખનું જ પરિણામ છે એ તે જાણે છે, શા માટે સુખ અને દુઃખનાં વાદળો ચડી આવે છે અને વિખેરાઈ જાય છે (dispenser) તેનાં કારણો તે જાણતો નથી પણ તેવી જગન્માતાની ઈચ્છા છે (whim) અને તેમાં જ પોતાની ભલાઈ છે એવા ભાવથી તેને તે સુખદુઃખો આક્રરા લાગતા નથી અને તે જગન્માતાની શક્તિ જે તેને હવે વ્યાજબી લાગે છે (regal) તેને શરણે જાય છે. જગન્માતા તેને માટે સુખનાં વરદાન (boon) મોકલે કે દુઃખના ફટકા (blow) બધું જ તેને વ્યાજબી લાગવા માંડે છે. આપણી ઈન્દ્રિયો વિશેષતઃ આંતર - ઈન્દ્રિયો - મન, ચિત્ત, બુદ્ધિ અહંકાર વગેરે તેને સ્વભાવાનુસાર દુઃખદ ગણતી હોવા છતાં તેને તે દુઃખદ આઘાતોમાં પણ જગન્માતાનો મધુર પ્રેમ જ (sweetness) વ્યક્ત થતો લાગે છે. પોતાના ઘડતરમાંનો તે એક ભાગ તેને લાગે છે (mastering touch)

In all experience meets her blissful hands;
On his heart he bears the happiness of her tread
And the surprise of her arrival's joy
In each event and every moment's chance.

તેને બધા જ અનુભવોમાં જગન્માતાનો મમતાળુ હાથ (blissful hands) પોતાની ઉપર ફરતો લાગે છે. હૃદયમાં જગન્માતાની આનંદદાયક લીલા (happiness of her tread) અનુભવે છે અને જ્યારે જગન્માતાની અચાનક હાજરી અનુભવે છે ત્યારે તેને આશ્ચર્યાનંદ થાય છે ! આવી અનુભૂતિઓ વધતી જઈને ધીમે ધીમે તેને દરેક ઘટનામાં અને દરેક ક્ષણે આ અનુભૂતિઓ આવીને સ્થાયી થતી અનુભવાય છે.

# આંતર - ચેતનાનું સ્વરૂપ

(ભાગ.૧, પૃ.૩૪૪-૩૫૧)

પ્રકરણ - ૧૫

**અવતરણો**

**સમજૂતી** - માનસિંહ ચાવડા

૧ માનવીને હંમેશા બે પ્રકારની જુદી જુદી ચેતનાઓ હોય છે. એક, બાહ્યચેતના જેમાં તે સામાન્ય રીતે જીવે છે અને બીજી આંતર-ચેતના જે ગુપ્ત હોય છે. પૃ.૩૪૪

૨ સાધના કરે છે ત્યારે આંતર-ચેતના ખુલ્લી થવાની શરૂઆત થાય છે. પૃ.૩૪૪

૩ શરૂઆતમાં આંતર-ચેતના સ્વપ્નવત્ લાગે છે. પૃ.૩૪૪

૪ આંતર-ચેતના એક ગાઢ શાંતિ, પ્રકાશ, સુખ, પ્રેમ, પ્રભુ પ્રત્યેની નિકટતા..... પ્રભુની હાજરીનું..... સ્થાન લાગે છે. પૃ.૩૪૪

૫ હું જે કહેતો હતો તે આંતરમન, આંતરપ્રાણ અને આંતરશારીરિક વિશે હતું. પૃ.૩૪૪

૬ આપણે આ બધા આંતરપ્રદેશો વિશે સભાન બનવું જોઈએ. પૃ.૩૪૫

૭ આંતરમન એટલે ઊર્ધ્વમન નહિ, આંતરમન વિશ્વરૂપ બળોના વધારે સંપર્કમાં રહે છે અને ઊર્ધ્વચેતના પ્રત્યે વધારે ખુલ્લું હોય છે. પૃ.૩૪૫

૮ સાચો પ્રાણમયપુરુષ વિશાળ, બૃહદ, સ્થિર સામર્થ્યયુક્ત..... અચલ છે. સર્વશક્તિ, સર્વજ્ઞાન, સર્વ આનંદ પ્રાપ્ત કરી શકે એવો હોય છે. પૃ.૩૪૬

૯ જ્યારે આ પુરુષો (મનોમય, પ્રાણમય, શારીરિક) આવિર્ભાવ પામે છે ત્યારે તમારી અંદર રહેલાં દ્વિવિધ અસ્તિત્વ વિષે તમે સભાન બનો છો. પૃ.૩૪૬

૧૦ આંતરસ્વરૂપ આવિર્ભાવ ન પામે..... તો બાહ્યસ્વરૂપ કદી રૂપાંતર પામશે નહિ. પૃ.૩૪૭

૧૧ આંતરસ્વરૂપ ચૈત્યપુરુષની આસપાસ હોય છે. પૃ.૩૪૯

૧૨ એક એવી ચેતના જે શરીરની બહાર વીંટળાયેલી છે..... તેને મેં પર્યાવરણની ચેતના (ઑરા) કહી છે. પૃ.૩૫૧

૧૩ પર્યાવરણની ચેતના (ઑરા) ત્યારે શાંત થઈ શકે જ્યારે તેનામાં વિશાળતા આવે. પૃ.૩૫૧

* * *

માનવની બાહ્ય અને આંતર એમ ચેતનાની બે સપાટી હોય છે. સાચી આંતર-ચેતના બાબત સામાન્ય માનવ જાણતો જ હોતો નથી. તે જેને આંતર-ચેતના સમજે છે ખરેખર બાહ્યચેતનાનો જ મનોમય કે પ્રાણમય ભાગ હોય છે, જે તેને વિચારો, ભાવનાઓ તરીકે અનુભવાય છે. સાધના શરૂ થતાં જ સાચી આંતર-ચેતના ખુલ્લી થવા માંડે છે અને તેમાં વ્યક્તિ જીવતો થાય છે. શરૂઆતમાં આંતર-ચેતના સપના જેવી ભ્રામક કે અવાસ્તવિક લાગે છે અને બાહ્યચેતના નક્કર અને વાસ્તવિક લાગે છે. આ આંતરચેતના દ્વારા જ શાંતિ, પ્રકાશ, સુખ, પ્રેમ, પ્રભુની હાજરી કે જગન્માતાની દિવ્યશક્તિનું કાર્ય અનુભવાય છે. બાહ્યચેતના દ્વારા પણ તે બધું અનુભવાય એ માટે સાધના જરૂરી છે.

સાધક પોતાની પ્રકૃતિની વિશેષતા મુજબ આંતર-ચેતનાના મનોમય કે પ્રાણમય કે સૂક્ષ્મ પાર્થિવ સ્તરે સચેતન બને છે. પ્રભુપ્રેમની ઊર્મિ અથવા પ્રભુની હાજરીની ઊર્મિનો અનુભવનો અર્થ છે, આંતર-ચેતનાના ચૈતસિક સ્તરને સ્પર્શ કરવો. સાધનામાં આંતર-ચેતનાના બધાં જ પ્રદેશો બાબત સભાન બનવું જરૂરી છે. તેમ કર્યા પછી જ તેમને ચૈત્યપુરુષના કરણ તરીકે વિકસાવવા શક્ય બને છે. ચૈત્યપુરુષના પ્રદેશમાં પ્રવેશ કર્યા બાદ જ સાચી સલામતી પ્રાપ્ત થાય છે.

આંતર-ચેતના અને વિશ્વચેતના એક જ નથી. તે વિશ્વચેતના સાથે સંપર્કમાં હોય છે તેમ જ બાહ્યચેતના કરતાં વધારે પ્રકાશમય, શુદ્ધ, વિશાળ અને કાર્ય કરવામાં સમર્થ હોય છે.

ઊર્ધ્વ ચેતનાનો પ્રદેશ તો ઊર્ધ્વ મનથી માંડી અધિમનસ સુધી વિસ્તરેલો છે. તે બધાં વૈશ્વિકચેતનાનાં સ્તરો ગણાય છે. જ્યારે આંતર-ચેતના એ વ્યક્તિગત ચેતનાનાં સ્તરો છે.

ચૈત્યપુરુષ આ આંતર-ચેતના સાથે સંપર્કમાં હોય છે. ખરેખર તો આંતર-ચેતનાનો સહુથી અંતર્તમ ભાગ એ ચૈત્યપુરુષનો જ હોય છે. તે અવિદ્યાથી ઢંકાયેલો હોવાથી શરૂઆતમાં ઊર્ધ્વચેતના સાથે સંપર્કમાં હોતો નથી એવું લાગે છે.

આંતરચેતનાનાં વિવિધ સ્તરો છે, તેમાંનું એક સ્તર એટલે પ્રાણમયપુરુષ, બાહ્ય સપાટી ઉપર તે સંકુચિત, અજ્ઞાનમય, તમોગ્રસ્ત અને કામનાઓ અને આવેગો, ઉત્સાહ અને નિરુત્સાહ, ઉગ્ર પ્રત્યાઘાતો આપતો અને રીસાઈને ખૂણામાં ભરાઈ જતો હોય છે. સાચો પ્રાણમયપુરુષ જે આની પાછળ હોય છે તે બૃહત્, વિશાળ, સમર્થ, શક્તિ અને આનંદથી ભરપૂર હોય છે. તે પ્રભુને સમર્પિત દિવ્યયોદ્ધા હોય છે.

તેવું જ સાચા મનોમયપુરુષ બાબતમાં છે અને સાચા શારીરિકપુરુષ બાબતમાં પણ છે. આમ, આપણે બધાં જ દ્વિવિધ વ્યક્તિત્વ ધરાવીએ છીએ. આંતરિક-સ્વરૂપમાં સમર્થ, અચલ, શુદ્ધ અને બાહ્યસ્વરૂપમાં નિર્બળ, વ્યગ્ર અને અશુદ્ધ. બાહ્ય સપાટીને શાંત, નિર્મળ કરવા આંતર-સ્વરૂપમાં જઈ ચેતનાને સ્થિર કરવાની જરૂર છે અને ત્યાંથી આંતર-ચેતનાનો પ્રભાવ બાહ્યસ્વરૂપો ઉપર પાડવાની જરૂર છે. આને જ બાહ્ય અપરાપ્રકૃતિનું રૂપાંતર કહેવામાં આવે છે.

સાચો પ્રાણમય પુરુષ ઊર્ધ્વચેતના સાથે સંબંધિત હોવાથી તેની પ્રેરણાઓને તે સ્વીકારે છે. જ્યારે તેનું ઊર્ધ્વદિશાનું ખુલ્લાપણું વધારે સ્થાયી અને વિશાળ બને છે ત્યારે ઊર્ધ્વચેતનાની પણ ઉપર રહેલ અતિમનસ પ્રત્યે પણ તે ખુલ્લો થાય છે અને ત્યાંની શાંતિ અને આનંદને ઠેઠ પોતાની બાહ્યસપાટી સુધી અવતરણ કરાવી શકે

છે. આમ જ અતિમાનસિકરણ થતું હોય છે. આને જ પ્રાણમય પુરુષનું પૂર્ણ સમર્પણ કહે છે. તે ફક્ત એક વિશુદ્ધકરણ બનવાની જ અભીપ્સા સેવતો થાય છે.

આમ, આંતર સ્વરૂપ સક્રિય થયા સિવાય બાહ્યસ્વરૂપ રૂપાંતર પામવું શક્ય જ નથી. સાધના દ્વારા જ આંતર-સ્વરૂપને સક્રિય કરી તેની દ્વારા બાહ્યસ્વરૂપને શુદ્ધ કરીને આંતર બાહ્ય ચેતનાને જોડી દેવાની હોય છે. તે માટે ઊર્ધ્વબળો અને ચૈત્યપુરુષનું દબાણ ખૂબ જ મદદરૂપ થાય છે.

આ સમગ્ર પ્રક્રિયા પૂરી થયા બાદ જ શારીરિકરૂપાંતરની શરૂઆત થાય છે. આંતર-ચેતનાનો અનુભવ બે રીતે થાય છે :

૧ કોઈ અદૃશ્ય ચેતના સમગ્ર શરીરમાં ઓતપ્રોત છે અને શરીર ફરતી વીંટળાયેલી છે. તે શાંત અને નિર્લેપ ચેતના છે. શરીર ફરતી વીંટળાયેલી ચેતનાને શ્રી અરવિન્દ પર્યાવરણની ચેતના કહે છે. આંતરચેતના શરીર કરતાં વિશાળ હોઈને શરીરની બહાર પણ ઝાલરની જેમ ફેલાયેલી હોવાથી તે જ પર્યાવરણની ચેતના તરીકે અનુભવાય છે. આ પર્યાવરણની ચેતના દ્વારા જ વ્યક્તિ તે વૈશ્વિકબળો સાથે તેમ જ સૂક્ષ્મજગતનાં સત્ત્વો સાથે સંપર્કમાં આવે છે. વૈશ્વિક લોકો કે સત્ત્વોનો સંપર્ક જ વ્યક્તિને પોતાના વિચારો, ભાવનાઓ, વિકારો તરીકે અનુભવાય છે. આ બધાં મન, પ્રાણ, સૂક્ષ્મ પાર્થિવતત્ત્વનાં આંદોલનો જે તેની ચેતનામાં પ્રવેશી ગયાં છે તેના પરિણામ સ્વરૂપ હોય છે.

પર્યાવરણચેતના એટલે જ પ્રભામંડળ અથવા થિયોસોફિસ્ટ જેને ઑરા (Aura) કહે છે તે. પર્યાવરણચેતના અને અવચેતન એક જ નથી. પર્યાવરણ-ચેતનામાંથી વ્યક્તિચેતનાનાં વિચારો, ભાવનાઓ વગેરે વિશ્વપ્રકૃતિમાં ફેંકાય છે અથવા વિશ્વપ્રકૃતિમાંથી સ્વીકારાય છે, પણ ત્યાં કોઈ વસ્તુ સંગ્રહિત થતી નથી. થોડીવાર ચોંટી રહી શકે છે જેને આપણે વિચારવાયુ કે ભાવનાઓનાં તોફાન તરીકે અનુભવીએ છીએ.

પર્યાવરણચેતનાને વિશાળ કરવાથી તે શાંત રહેતા શીખે છે અને તેથી તેમાં થતી પ્રક્રિયા બાબત સભાન બનાય છે અને તેની ઉપર કાર્ય કરવાનું સામર્થ્ય પણ વિકસે છે.

# ઉપનિષદો - શ્રી અરવિન્દ

## વિષય-પ્રવેશ

(ઉપનિષદો, પૃ.૧૧૧-૧૧૩)

1. The twelve great Upanishadas are written round one body of ancient knowledge but they enter the Brahmavidya by its own gates. P. 111
2. The Isha and Kena both are concerned with the winning of the state of Immortality. Isha closes with the aspiration towards the lord... Kena closes with Brahman as Delight. P. 111
3. The Isha is concerned with the whole problem of the world and life, works and human destiny and finds the Lord and His working as the key. The kena approaches restricted problem of relation of mind to Brahman. P. 111
4. Life is what our mentality determines that it shall become. P. 112
5. This human existence is only a veil of somthing greater. P. 112
6. Mind does not know what is behind it. P. 112
7. That which is behind, That knows mind know it as himself and by it know also mind in its reality. P. 112
8. The lower life... can no longer be an object of desire for the awakened spirit. P. 112

9. Here in this mortal life, he can free himself from the mortal consciousness. P. 112

10. It is the Lord and rules of all the states, who is infinitely greater. It is All-bliss which is infinite being and immortal self. P. 113

* * *

પ્રાચીન જ્ઞાન ઉપરનાં લખાણો પ્રમુખ બાર ઉપનિષદોમાં જોવા મળે છે. પણ દરેકનો તે વિષયની અંદર પ્રવેશવાનું દ્વાર જાણે અલગ અલગ છે.

ઈશ અને કેન બન્ને ઉપનિષદો અમરતાની પ્રાપ્તિ જીવતા જીવનમાં જ કેવી રીતે પ્રાપ્ત કરવી એ વિષયને પસંદ કરે છે. ઈશોપનિષદ પ્રભુ સાથેની જ્ઞાનાત્મક ભક્તિભાવ એકરૂપતા સાધીને તે મેળવવા જણાવે છે.

ઈશ પોતે જગત, જીવન, કાર્ય અને તેમાં માનવીની ગતિ વિષે ચર્ચા કરે છે અને જણાવે છે કે પ્રભુ સાથેની એકરૂપતામાં રહી તેમનું કાર્ય કરવું એ જ માનવ-જીવનનું ધ્યેય છે. કેન તે સમસ્યાનો નાનકડો ભાગ લઈને તેની ઉપર જ કેન્દ્રિત થએલ છે. મન અને બ્રહ્મચેતના વચ્ચેનો સંબંધ વિષે તે વાત કરે છે. તે જગત વિષે ઓછી વાતો કરે છે કારણ તેના મતે જેવી મનની દૃષ્ટિ હશે તેવી જ બહારના જગતની સૃષ્ટિ બનશે. મન જ જગતને રૂપ આપે છે અને તેમાં પોતે શું બનવું છે તેનો નિર્ણય લે છે.

આ મનોમય જીવન શું છે ? શું તેની પાછળ કોઈ અન્ય વાસ્તવિકતા રહેલી છે ? કેન જણાવે છે કે મનની પાછળ મન કરતાં પણ ઘણી વિશાળ વાસ્તવિકતા રહેલી છે.

મન તે પાછળની વાસ્તવિકતાને જાણતું નથી પણ પાછળની તે વાસ્તવિકતા મનને પૂરેપૂરું જાણે અને સમજે છે. તો પછી મનને સમજવા તે પાછળની વાસ્તવિકતાને સમજી તેની સાથે એકરૂપ થવાથી જ તે વસ્તુ બનશે. તેથી મનને તેનાં બધાં સાધનો સાથે કેમ વટાવી જવા અને પેલી પાછળની વાસ્તવિકતા સ્વરૂપ બ્રહ્મતત્ત્વ સાથે એકરૂપ થવું એ જ આપણો મુખ્ય પ્રશ્ન બની રહે છે. તેથી ભૌતિક બાહ્યજીવન અને તેના ઉપભોગો એ મહત્ત્વની વસ્તુ નથી. જાગ્રત આત્માએ તેથી

ઉપર ઊઠીને બ્રહ્મતત્ત્વની શોધ કરવી પડશે.

માનવ તેમ કરવાથી આ ભૌતિક જીવન દરમિયાન જ પોતાને ભૌતિકચેતનાથી મુક્ત કરી શકે છે અને પેલા અમર અને શાશ્વત તત્ત્વને પામી શકે છે.

આ બ્રહ્મતત્ત્વ કાંઈ મનને તદ્દન અપરિચિત અને અસંબંદ્ધ, અલગ વસ્તુ નથી. તે જ બ્રહ્મતત્ત્વ બધી જ ચેતનાનાં જગતો ઉપર રાજ કરે છે, જેમાં મનોમય ચેતનાનો પણ સમાવેશ થાય છે. મનમાં જે વિવિધ ક્ષમતાઓરૂપી શક્તિઓ છે એ મૂળતઃ બ્રહ્મતત્ત્વની જ શક્તિઓ છે. જેની તે ક્ષમતાઓ વિકાસ પામે છે. તે જીવનમાં યશસ્વી થાય છે; કારણ તેની પાછળ રહીને બ્રહ્મતત્ત્વ જ તેને યશ અપાવે છે.

તો તે બ્રહ્મતત્ત્વ શું છે ? કેન જણાવે છે તે તત્ત્વ આનંદ છે, જે અસીમ છે અને અવિનાશી છે, અમર છે. હવે તે આનંદને કેવી રીતે પ્રાપ્ત કરવો એ પ્રશ્ન ઊભો થાય છે. તે પ્રશ્નનું સમાધાન મેળવવું એ જ જીવનની કૃતાર્થતા છે, સફળતા છે અને તે જ સાચું જ્ઞાન, વિજ્ઞાન પણ છે.

---

(અનુ.પૃ.૪૦ ઉપરથી) **ધી મધર્સ એજન્ડા**

આવી વેબસાઈટની પણ વિસ્તારની દ્રષ્ટિએ વિવિધ કક્ષાઓ છે. વ્યક્તિની, વાસ્તુની, સ્થાનની, ગ્રામની, રાષ્ટ્રની, પૃથ્વીની અને આપણાં સૂર્યમંડળની પણ આવી વેબસાઈટની કક્ષાઓ છે. દરેક દ્વારા ચેતના ખાસ રૂપે પ્રગટ થાય છે. શાસ્ત્રોમાં આપને જ આત્મપુરુષ, વાસ્તુદેવતા, સ્થાનદેવતા, ગ્રામદેવતા, રાષ્ટ્રદેવતા, ધરતીમાતા અને સૂર્યનારાયણ તરીકે વર્ણવેલ છે. દરેક વેબસાઈટના આધારે તે પ્રદેશની પ્રકાશમય ચેતના વિસ્તરેલી દેખાય છે. જેને વેદો દેવતા કહે છે. આવી ચેતનામાં સતત સ્પંદનો, કંપનો કે તરંગો ઊઠતા હોય છે આ તરંગો એટલે જ તે ચેતનામાં ઊઠતી ભાવનાઓ અને વિચારોના ભૌતિક સ્વરૂપો માત્ર છે. સાધકને ઘણી વખત આ તરંગો પ્રકાશમય ગૂંચળા તરીકે અવતરણ પામતાં અનુભવાય છે.

આ અનુભૂતિમાં માતાજી પૃથ્વીની ચેતના સાથે એકરૂપ થયેલાં હોવાથી તેમને તે વેબસાઈટ પૃથ્વીને આવરી લેતી અનુભવાઈ છે.

# વેદ-રહસ્ય
- શ્રી અરવિન્દ

## ચાર સમ્રાટો - (વરુણ, મિત્ર, ભગ, અર્યમા)

(વેદનું રહસ્ય ભા.૨, પૃ.૧૦૦-૧૧૭)

પ્રકરણ -૧૪

**સમજૂતી** - માનસિંહ ચાવડા

૧ અદિતિના પુત્રો - વિશ્વદેવો - ખાસ કરીને ચાર સમ્રાટો - વરુણ, મિત્ર, ભગ, અર્યમાની વૃદ્ધિ ઉપર આધાર રાખે છે. પૃ.૧૦૮

૨ મરુતો, ઋભુઓ સાથે ઈન્દ્ર, વાયુ, અગ્નિ, સોમ ને અશ્વિનો..... તેમાં ભાગ ભજવે છે. પૃ.૧૦૮

૩ પુરાણોની મહાન ત્રિપુટી - બ્રહ્મા (બ્રહ્મણસ્પતિ), વિષ્ણુ અને મહેશ (રુદ્ર) (તેમનાં જ રૂપાંતર છે). પૃ.૧૦૮

૪ વિષ્ણુ (એક દેવ) ત્રિલોકને પગલાંથી માપે છે. (તેમને ખુલ્લાં કરે છે..... બીજા દેવ (રુદ્ર) ઉગ્રતાથી ઉત્ક્રાંતિને વેગ આપે છે..... પાપીને હણે છે. ત્રીજા દેવ (બ્રહ્મણસ્પતિ) આત્માનાં ઊંડાણમાં શબ્દોનું (દર્શના, શ્રવણા) બીજ રોપે છે. પૃ.૧૦૮

૫ અન્ય દેવો ક્ષેત્ર પૂરું પાડે છે, સામગ્રી લાવે છે, ઘાટ આપે છે. પૃ.૧૦૮

૬ (આર્ય ઋષિઓએ) તેમણે મૃત્યુનો કોયડો ઉકેલ્યો હતો અને અમૃતત્વનું રહસ્ય શોધ્યું હતું. પૃ.૧૦૯

૭ પૃથ્વીમાંના ઊંડા વિચારમાં મગ્ન પુત્રો સાથેના સંબંધને લીધે ઈજિપ્ત ઉપર ઘેરા (અવસાદના) પડછાયા પડ્યા હતા. પૃ.૧૦૯

૮ ઓર્ફિયસની ગૂઢવાદી વિધિઓ, એલ્યુસિસની ગૂઢ દીક્ષાઓને સ્થાપનાર કરતાં..... તેમના ખ્યાલો કોઈ રીતે ઉતરતા નહોતા. પૃ.૧૦૯

૯ ઋષિઓએ તે એક સત્‌ને - ઇન્દ્ર, અગ્નિ, યમ, માતરિશ્વા એમ અનેક નામો આપ્યાં - તદેકમ્ તત્સત્યમ્. પૃ.૧૦૯

૧૦ ઋષિ - તે દેહધારી દેવોના પરમદેવને, તે એક સત્‌ને મેં જોયું છે. (૫-૬, ૨-૧) પૃ.૧૧૦

૧૧ જ્યારે આપણે તેની પાસે જઈએ છીએ ત્યારે તે અદૃશ્ય થઈ જાય છે (૧-૧૭૦-૧) તેથી આપણે (આપણા સ્વરૂપમાં) દેવોને જન્માવી (દેવતાતિ, દેવવિતિ, દેવરાતિ) તેમનાં..... સ્વરૂપોની વૃદ્ધિ કરીને, તેમનાં દિવ્ય-શરીરો નિર્માણ કરીને, આપણે તે એક સત્ પ્રત્યે વધવાનું છે. પૃ.૧૧૦

૧૨ આ આત્મરચનાની ક્રિયા એ જ યજ્ઞનું સાચું સ્વરૂપ છે, જે યજ્ઞ દ્વારા આપણી ચેતના અમૃતત્વ પ્રત્યે જાગૃત થાય - અમૃતસ્ય કેતનમ્ (૧-૧૭૦-૪). પૃ.૧૧૦

૧૩ તેઓ (દેવો)..... પ્રભુની વૈશ્વિક તેમ જ માનવીશક્તિઓ તરીકે જન્મે છે..... ભૌતિક અસ્તિત્વમાં સદા હાજર રહેલી સચેતન શક્તિઓ છે. પૃ.૧૧૦

૧૪ આ વિશ્વ ફક્ત ભૌતિક નથી પણ માનસ-ભૌતિક છે. પૃ.૧૧૦

૧૫ તેથી જ તેમનો (દેવોનો) દુન્યવી ઉપયોગ કરવામાં આવે છે. પૃ.૧૧૦

૧૬ દેવો સચેતન માનસશાસ્ત્રીય શક્તિઓ છે. પૃ.૧૧૦

૧૭ દેવોને સતત ‘માનુષાઃ નરાઃ’ માનવશક્તિઓ કહીને વર્ણવવામાં આવ્યા છે. તેઓ આપણા પ્રકાશયુક્ત ઋષિઓ, આપણાં વીરો, આપણા પ્રાચુર્યના સ્વામીઓ છે. માનવની જેમ (મનુષ્યવત્) તેઓ આપણા યજ્ઞને દોરે છે.

૧૮ તેઓ (દેવો) દર્શનાનાં અનેક અંગોવાળા છે. (તેથી) અંદરની વક્રતા તેમ જ પરિપૂર્ણતાને જુએ છે. પૃ.૧૧૧

૧૯ વિશ્વના બધા રહેવાસીઓનાં (તેઓ) રાજા છે. (નૃપતિ વિશ્યપતિ). પૃ.૧૧૧

૨૦ અદિતિ સદા જાગૃત રહીને પોતાના પુત્રોને ચીટકી રહે છે. પૃ.૧૧૧

૨૧ તેઓ ઋત્‌ના દૃષ્ટા અને શ્રોતા છે. પૃ.૧૧૧

૨૨ તેઓ ઋત્‌ના જ્ઞાનવાળા અમરો છે. પૃ.૧૧૧

૨૩ તે બધાં આપણા પાપમય સ્ખલનોથી, ખાડાઓની પેઠે દૂર રાખે છે. પૃ.૧૧૨

૨૪ જ્ઞાનયુક્ત મનની શક્તિ વડે, તમે લોક ઉપર શાસન કરો છો. પૃ.૧૧૨

૨૫ વેદોમાં સ્વર્‌ને, ઋત્‌ના લોકને સ્પષ્ટ રીતે લક્ષ્ય તરીકે વર્ણવવામાં આવેલ છે. પૃ.૧૧૨

૨૬ માનવની ઊર્ધ્વીકૃત ચેતના ચેતનાના ત્રણે દિવ્ય તત્ત્વોને સત્‌-ચિત્‌-આનંદને (ત્રિધાત) પ્રતિબિંબિત કરે છે. પૃ.૧૧૩

૨૭ (બધા દેવોની પાસે) તેમની પાસે એક જ પ્રકાશ છે. એક જ પ્રકારનું મુખ્ય કાર્ય છે. તેઓ આપણામાં..... ઋત્‌ને પરિપૂર્ણ કરે છે. પૃ.૧૧૩

૨૮ આ ચારે દેવો (વરુણ, મિત્ર, ભગ, અર્યમા) પાછળ સચ્ચિદાનંદની ત્રિપુટી બની. (તેમાં) ચેતનાની દ્વિપુટીને (જ્ઞાન અને શક્તિને) ત્રિપુટી બનાવાઈ છે. વરુણ સત્‌ની વ્યાપકતા (વિશાલતા) છે. મિત્ર ચિત્‌ની સંયોજક-શક્તિ (સુસંવાદિતા) છે. અર્યમા ચિત્‌ની તપસ્‌-શક્તિ છે. ભગ આનંદની શક્તિ છે. પૃ.૧૧૪

૨૯ તેમાંનું કોઈ પણ એક તત્ત્વ બીજા બેથી સ્વતંત્ર રહી શકતું નથી. પૃ.૧૧૪

૩૦ વરુણ પ્રથમ અને સૌથી વધારે ગણનાપાત્ર છે (કારણ)..... એક વાર દિવ્ય અસ્તિત્વની વિશાળતા તથા વિશુદ્ધિ પ્રાપ્ત થાય, એટલે બીજી બધી વસ્તુઓ..... અનિવાર્ય રીતે આવે છે. પૃ.૧૧૫

૩૧ વરુણ એકલા માટે કેટલાંક સૂક્તો લખાયાં છે. મિત્ર માટે એક,..... ભગ માટે બે કે ત્રણ..... અર્યમા માટે એક પણ સ્વતંત્ર સૂક્ત લખાયું નથી. પૃ.૧૧૫

૩૨ ઋત્‌ને પ્રાપ્ત કરવાની ગતિમાં, ભગ એ ગતિનું શિખર છે, મુગુટમણિ છે. પૃ.૧૧૫ (ક્રમશઃ)

# શ્રી અરવિન્દ : પોતા વિષે

- શ્રી અરવિન્દ

# ચેતન-વિકાસની આંતરિક - પ્રક્રિયા

પ્રકરણ - ૩૮

(પૃ.૧૫૯-૧૬૨)

**અવતરણો**

**સમજૂતી** - માનસિંહ ચાવડા

1 At first, it was a plunge into the physical, into all its obscurity and inertia, afterwards it was a station in the physical open to the higher and higher consciousness. P. 159

2 One receives all the mental realisation readily enough if the mind is open and bright. P. 159

3 When you descended into the physical consciousness to complete the preparation there, you became too passive not continuing your will of Tapasya. P. 159

4 One then feels different forces playing in the consciousness without having the same power of reaction as one had in the mind and the vital. P. 159

5 To develop in the physical itself a constant will for the drawing down of the higher consciousness - peace and force - from above, is the best way out of it. P. 160

6 I had to come down into the physical to deal with it instead of keeping the station always above. P. 160

7 One can neither transform the higher parts - completely leaving the body for later dealing nor make each stage complete in all its parts before going to the rest... A predominant overmentalisation of mind and vital is the next step. P. 161

8 To perfect the Overmind one has to call in the supramental force and it is only when the overmind has been partially supramentalised that the body begins to be more and more overmental. P. 161

9 The infilteration of a greater Light and Power from above, and there was a very satisfactory crossing of a difficult border which promises well for the near future. P. 161

10 To fix a precise time is impossible except in the two regions of certitude - the pure-material which is the field of mathematical certitudes and the supramental which is the field of divine certitides. P. 162

માનવસ્વરૂપમાં ચેતનાનાં અનેક સ્તરો છે : ભૌતિક, પ્રાણમય, મનોમય, ચૈતસિક, અધિમાનસિક અને અતિમાનસિક અને આનંદમય. માનવ પોતાની ચેતનાના વિકાસ મુજબ અમુક કક્ષાની ચેતનામાં જ વધારે રહેતો હોય છે. સર્વસાધારણ માનવ તો પ્રથમ ત્રણ કક્ષામાં અને કવચિત્ જ ચોથી કક્ષામાં પ્રવેશે છે. ભારતીય યોગપ્રણાલીમાં કુંડલિની શક્તિ સાડા ત્રણ આંટામાંની સ્થિતિમાં સૂતી છે એમ પ્રતીકાત્મક રીતે આ વસ્તુ જ જણાવે છે.

સામાન્ય માનવ તો તેમાં પણ પ્રથમ ભૌતિકચેતનામાં જ વધારે રહે છે. તેને ખાવું, પીવું, ઊંઘવું, એશો - આરામ, પસંદગી - નાપસંદગી, અહંકાર, સહકાર; આવા સામાન્ય ભૌતિક જીવનની વાતોમાં જ રસ પડે છે. શ્રી અરવિન્દ આને ભૌતિકચેતનામાં ગળાડૂબ રહેવું એમ જણાવે છે.

તમે સાધનાની શરૂઆત કરો, કોઈ દિવ્યતાને ઝંખવા માંડો કે આ ભૌતિક ચેતનામાં ઉપરની બાજુ ઉઘાડ આવે છે, જે શરૂઆતમાં આવતો જતો હોય છે, પણ અભીપ્સામાં સાતત્ય હોય તો કાયમી થવા માંડે છે. ત્યારે ઊર્ધ્વમાં તે સાધક સ્થિર થવા લાગે છે. તેને ત્યાં શાંતિ અને મુક્તિનો આનંદ મળે છે, પણ ભૌતિક-ચેતનામાં વાસનાનું તોફાન જાગતાં જ તે ઢસડાઈને નીચે આવી પડે છે. આવા પતન અને ઉત્થાનની ઘટનાઓ વારંવાર બનવા પછી જો તેની અભીપ્સા અખંડ હોય તો તે ધીમે ધીમે વધારે સમય ઊર્ધ્વમાં રહેતો થાય છે. ત્યાં પ્રકાશ અને ખુલ્લાપણું હોય છે. તે પ્રકાશમય મનોમય-ચેતનાનો પ્રદેશ હોય છે અર્થાત્ પ્રકાશમય મનનો પ્રદેશ હોય છે.

તે ચેતનામાં રહીને જો તે ઊર્ધ્વમાંના પ્રકાશને નીચેના ભૌતિક શરીરમાં ઉતારવાનો સતત પ્રયત્ન કરે તો તે ખૂબ જ સારી બાબત હોય છે. તેથી તેને મનોમયચેતનાનાં સાક્ષાત્કારો થવા લાગે છે. તે જેમ જેમ ઊર્ધ્વકક્ષાનાં બને તેમ તે પ્રકાશ વધારે પ્રખર અને ઝળહળતો બનવા માંડે છે. આ પ્રકાશ પીળાશ પડતો  રતુમડો હોય છે. આ તબક્કામાં સાધકનો દ્રષ્ટાભાવ વધારે ટકી રહેતો હોય છે. (ક્રમશઃ)

---

(પાના. ૫ ઉપરથી)

## સદાવિજયી પ્રભુ

વધારે વિરોધ કરવા સક્રિય થાય છે. તે પ્રમાણમાં જ પ્રભુના આયોજનમાં તે કાર્યનું મહત્વ વધારે હોય છે. વિરોધી શક્તિઓના જથ્થા પ્રમાણે જ દૈવીશક્તિના જથ્થા ઉપરથી પણ એ વસ્તુ જાણી શકાય છે.

તે જેને તારા આયોજનનો કેન્દ્રિય વ્યક્તિ અથવા મધ્યસ્થી બનાવેલ હોય તેને તેથી થોડાક જ અવરોધો આવવાની શક્યતા ઓછી છે. કારણ અવરોધોના પ્રમાણમાં જ કામનું મહત્વ વધે છે.

તેથી આપણું કર્તવ્ય તો એક જ છે. જે કોઈ વસ્તુ પ્રભુ કાર્યનો અવરોધ કરે, અંધ અજ્ઞાનનો હાથો બને તેની સામે જંગ પુકારીને વિજય મેળવવો.

પ્રભુ તું તો સદાવિજયી છે. તારા આયોજનની કમાલ છે.

# યોગ પર દીપ્તિઓ -શ્રી અરવિન્દ

અવતરણો

(ભાગ-૧, પ્રકરણ ૩ પર આધારિત)

પ્રકરણ - ૪૨

# સાચી અને સક્રિય સંકલ્પશક્તિ

**સમજૂતી – કમલેશ માંડવિયા**

- **સાધકો..... જેઓ સંપૂર્ણ સમર્પણ કરવાની સાચી અને સક્રિય સંકલ્પશક્તિ સાથે સાધનાની શરૂઆત કરે છે..... એવા લોકોની પ્રકૃતિમાં અંતરાત્મા..... તેનું નેતાપણું કરતી હોય છે. પૃ.૩૮**
- **માનવની અંદર રહેલા એ ઊર્ધ્વ પ્રત્યે વળેલા ભાગો..... સમર્પણનો સ્વીકાર કરે છે..... પછીથી..... ગરબડ કે ગોટાળો બિલકુલ ચલાવી લેતા નથી. પૃ.૩૮**
- **પ્રકૃતિના બીજા ભાગો પણ પોતાની દોરવણીને અનુસરે એવો આગ્રહ તેઓ રાખતા જણાશે. પૃ.૩૯**
- **..... એથી વિરૂદ્ધ પ્રકૃતિવાળા..... પોતાની માનસિક કે પ્રાણમય ક્રિયાઓમાં અંગત સંકલ્પશક્તિ કાયમ રાખવાનો પ્રયત્ન કરતા હોય..... તેનાથી ઊર્ધ્વમાં રહેલ દિવ્ય તત્ત્વ વચ્ચે રહેલી ભેદની દીવાલ તૂટે નહિ ત્યાં સુધી તેની સાધનામાં અંગત પ્રયત્ન અને આંતર કલહ ચાલુ રહેવા જોઈએ અને હકીકતમાં ચાલુ રહેશે જ. પૃ.૩૯**
- **..... દરેકને લાગુ પાડી શકાય એવો અફર નિયમ આ બાબતે ઘડી શકાય તેમ નથી કારણ કે માનવ પ્રકૃતિમાં એટલા તો અનંત ભેદો રહે છે. પૃ.૩૯**

દિવ્ય સંકલ્પશક્તિ અને માનવીય સંકલ્પશક્તિ સાધનામાં કેવા પરિણામો

લાવે છે તે વિષે શ્રી અરવિન્દ સમજાવી રહ્યા છે.

દરેક સાધક પોતાની પ્રકૃતિ અનુસાર સાધના કરતો હોય છે અથવા તો પોતાનું લૌકિક જીવન જીવતો હોય છે. તેની પોતાની એક આગવી વ્યક્તિગત સંકલ્પશક્તિ હોય છે અને તે મુજબ તે જીવનમાં સાધનાને આગળ વધારવા પ્રયત્નશીલ હોય છે. સાધકમાંના ઊર્ધ્વ ભાગો જ્યારે દિવ્યતા સાથે જોડાય છે અને તેની સાથે તાદાત્મ્ય સાધે છે ત્યારે તે ઊર્ધ્વ ભાગો સાધકના જીવનને પ્રભુના સંકલ્પાનુસાર દોરે છે અને તેથી સાધકની પ્રકૃતિ પણ ધીરે ધીરે શુદ્ધ અને ત્યારબાદ દિવ્યતા ધારણ કરતી જાય છે. પરંતુ આ બદલાવ ત્વરિત કે ઝડપથી આવતો નથી, તેના માટે સમય લાગે છે. આ સંક્રાંતિ કાળમાં સાધક અનુભવે છે કે તેનામાંના ઊર્ધ્વ તત્ત્વો નીચેના તત્ત્વો પર દબાણ મૂકે છે અને સાધનામાં નિમ્ન પ્રકૃતિને પણ વાળે છે. આ ઊર્ધ્વ ભાગો પ્રભુને સમર્પિત હોય છે અને તે દ્વારા સાધકમાંનાં પ્રભુના સંકલ્પને જીવનમાં લઈ આવવા પ્રયત્નશીલ હોય છે. આ દિવ્ય ભાગોની દોરવાની રીત અને આંતરિક માર્ગદર્શનને કારણે સાધક અનુભવે છે કે તે પોતે કંઈ જ કરતો નથી, કોઈક ઊર્ધ્વ શક્તિ તેના દ્વારા કાર્ય કરે છે. તે વધુ ને વધુ ગીતામાં કહ્યું છે તે મુજબ અનારંભી બનતો જાય છે. પોતાની વ્યકિતગત સંકલ્પશક્તિ જાણે ઊર્ધ્વ અને દિવ્ય સંકલ્પશક્તિમાં વિલીન થતી અનુભવે છે. સાધનાનું અમોઘ અને વિજયી માર્ગદર્શન અને શક્તિ તેને સતત પ્રગતિશીલ બનાવતા હોય છે. સ્વપ્રયત્ન કે અંગત પ્રયત્ન અલોપ થઈ જાય છે. ફક્ત રહે છે એક જ સંપૂર્ણ અને સમગ્ર સમર્પણ. આ જ સ્થિતિ સાધકમાં પ્રભુના સંકલ્પને સાચી અને દિવ્ય સક્રિયતા બક્ષે છે. શ્રી માતાજી હંમેશા કહેતા : "Let thy will be done, not mine." હે પ્રભુ તારો સંકલ્પ સિદ્ધ હો, નહિ કે મારો.

જ્યારે આથી વિરુદ્ધ પ્રકૃતિવાળા કે જેઓ પોતાની માનસિક કે પ્રાણિક સંકલ્પશક્તિમાં જ વિશ્વાસ રાખે તે તો પોતાના અંગત પ્રયત્ન પર જ જીવતા હોય છે. માનસિક કે પ્રાણિક રીતે એક સાફસુથરૂં જીવન જીવતા હોય છે. પરંતુ પ્રભુની હાજરી કે દિવ્યતા અનુભવતા હોતા જ નથી. આ પ્રકારના જીવનમાં સ્વપ્રયત્ન કે અંગત પ્રયત્ન અનિવાર્ય હોય છે અને તેને કારણે આવતી અનેક મુશ્કેલીઓ, બાધાઓ અને એક ન કલ્પી શકાય એવો આંતરિક કલહ હોય છે. આ પ્રકારનો

કલહ અને વિડંબણાઓ સાધકમાં અચૂક બની આવે છે એમ શ્રી અરવિન્દ ભારપૂર્વક જણાવે છે અને તેથી જ સમર્પણ વિના ઊર્ધ્વ શક્તિઓ આપણામાં કાર્ય કરે તેવી આશા રાખવી વ્યર્થ છે, અને તેને કારણે જ એક પ્રકારની ભેદની દીવાલ સાધકમાંની પ્રકૃતિની સંકલ્પશક્તિ અને દિવ્ય સંકલ્પ વચ્ચે કાયમી રીતે રચાય છે. આ ભેદમાંથી બહાર આવવાનો એક જ ઉપાય છે કે ઊર્ધ્વશક્તિઓને સમર્પણ કરવું અને તેના કાર્યને વધુ ને વધુ જીવનમાં ઉતારી લાવવું, કશા પણ પ્રશ્નો વગર, કશી પણ શંકા - કુશંકાઓ વગર.

આ બંને પરિસ્થિતિઓ દરેક સાધકમાં વત્તે-ઓછે અંશે હંમેશા બનતી જ હોય છે. આ તફાવત દરેક સાધકમાં જુદો જુદો હોય છે અને તે દરેકની પ્રકૃતિને આભારી હોય છે. અને તેને કારણે જ કોઈ સર્વસામાન્ય નિયમ આ પ્રકારની સાધના માટે બનાવી શકાતો નથી કે જે બધાં જ સાધકો ને એક સરખી રીતે લાગુ કરી શકાય.

સાધકની જાણ બહાર પણ ઊર્ધ્વ તત્ત્વો સાધકમાં આ દિવ્ય શક્તિ અને પ્રકાશ સાથે એકરૂપતા સાધીને પોતાનો વિકાસ કરતા હોય છે અને સમય આવ્યે તે સાધકની પ્રકૃતિ પર આધિપત્ય સ્થાપે છે. આવા તત્ત્વો વિષે શ્રી અરવિન્દ સુંદર રીતે સાવિત્રીમાં વર્ણવે છે કે :

Even when we fail to look into our souls
Or lie embedded in earthly consciousness,
Still have we parts that grow towards the light,..... (Savitri, Pg. 46)

માનવમાંના ઊર્ધ્વગામી તત્ત્વો દિવ્યચેતનાના સંપર્કમાં હોય છે અને તે દ્વારા વિકાસ કરતા હોય છે. તેનાથી એક આધ્યાત્મિક ચેતના સાધકમાં કાર્યરત બને છે. શ્રી અરવિન્દ યોગ વિષે પત્રોમાં જણાવે છે કે :

The law of action of the spiritual consciousness is higher, not lower than moral - it is founded on union with the Divine and Living in the Divine Consciousness and its action is founded on obedience to the Divine Will. (Letters on Yoga, Pg. 422-423)

# દેવોના સ્વરૂપો

(૨૬-૬-૨૬, ૧૩-૭-૨૬) (પૃ.૨૦૬-૨૨૩)

**સમજૂતી** - માનસિંહ ચાવડા

શિષ્ય : રેડીયમ શા માટે વિઘટન પામે છે તે આપણે હજી જાણી શકતા નથી?

શ્રી અરવિન્દ : આનો અર્થ ઈલેક્ટ્રોન્સ પ્રોટોન્સ સિવાય પણ અન્ય પરિબળો છે એમ માન્ય કરવું પડશે.

શિષ્ય : ઈલેક્ટ્રોન્સ નાશ પામે છે. અર્થાત્ આયુઃમર્યાદા છે. પણ જુના અને નવા ઈઈલેક્ટ્રોન વચ્ચેની ઉમરનો તફાવત જણાતો જ નથી. તેથી તેને ઉમર નથી એમ કહી શકાય.

શ્રી અરવિન્દ : દરેક ધાતુમાં અને વસ્તુમાં ચેતના છે જ. મન પણ છે જ. તેથી પણ તે જાણવા અઘરા છે કારણ તે સૂક્ષ્મ અને સૌમ્ય છે અને આપણે તેનો અર્થ જુદી રીતે લેતા હોઈએ છીએ.

*　　*　　*

શિષ્ય : દેવોનાં નિશ્ચિત રૂપો છે?

શ્રી અરવિન્દ : હા, અને ભિન્ન શક્તિ પણ હોય છે. મન અને ચેતના પણ ભિન્ન જ હોય છે. ભક્તના ભાવ મુજબ તે બદલાય પણ છે. તેથી તે મિશ્રણરૂપ ગણાય.

શિષ્ય : દેવોને માનવરૂપ સાથે લેવા દેવા છે ? તેમના રૂપોની સામ્યતા માનવરૂપ સાથે શા માટે?

શ્રી અરવિન્દ : તેવો નિયમ નથી પણ ઉપર જણાવેલી ઘટના મુજબ ભક્ત જ માનવઆકારની અપેક્ષા રાખે છે. તેથી તેવા રૂપો પ્રગટ થાય છે

અને તે રૂપો અધિમનસ વટાવ્યા બાદ પણ ચાલુ રહેતા હોય છે. તેથી જ વેદોમાં તેમને 'પુરુષ' કહ્યાં છે. (પુરાણપુરુષ - ગીતા)

શિષ્ય : દેવોનું જગત અધિમનસથી પણ ઉપર છે કે અતિમનસનો એક ભાગ?

શ્રી અરવિન્દ : અધિમનસથી તે જગતની શરૂઆત થાય છે અને તેથી ઉપર વિસ્તરેલું છે પણ આ વાત સાચા મહાન દેવો બાબતની છે અન્ય દેવો તો અધિમનસનાં નીચેના જગતોમાં પણ હોય છે.

શિષ્ય : તે અતિઊર્ધ્વમાંના મહાન દેવોનું સર્જન કોણે કર્યું?

શ્રી અરવિન્દ : તે ઇતિહાસના પ્રારંભ કાળથી જ છે.

શિષ્ય : માનવ અને દેવનાં વ્યક્તિત્વમાં તફાવત શું છે?

શ્રી અરવિન્દ : તે ઘણો ઊંડો તફાવત છે. તમે માનવ અને ગરોળીના વ્યક્તિત્વની તુલના કરી શકો છો?

શિષ્ય : વ્યક્તિત્વ શું છે? શું તે પ્રકૃતિનું ખાસ સ્વરૂપનું અસ્તિત્વ અથવા સ્થિતિ ગણાય?

શ્રી અરવિન્દ : વ્યક્તિત્વ અનંત છે કારણ પ્રકૃતિએ સ્વરૂપના ઘડતર વખતે અસંખ્ય સંતુલનો રચેલાં હોય છે. પણ એક રૂપ અને એક વ્યક્તિત્વ એમ કહી શકતા નથી. એક જ શરીરમાં અનેક વ્યક્તિત્વો છૂપાએલાં હોઈ શકે છે (મલ્ટીપલપર્સનાલીટી) જેને સામુહિક વ્યક્તિત્વ પણ કહી શકાય. એક જ વ્યક્તિત્વ અનેક શરીરો પણ ધારણ કરી શકે છે જેને યોગ 'દેહચક્ર' કહે છે.

શિષ્ય : શું ભારત રાષ્ટ્રનું સામુહિક વ્યક્તિત્વ છે?

શ્રી અરવિન્દ : ઐતિહાસિક રીતે જાતા છે જ.

શિષ્ય : આ સામુહિક વ્યક્તિત્વનો સ્વભાવ કેવો છે?

શ્રી અરવિન્દ : ભારતીયોના સર્વસામાન્ય સમાન લક્ષણોનું તે બનેલું છે.

શિષ્ય : ભાવિ ભારતના સામુહિક લક્ષણો યુરોપના રાષ્ટ્રો જેવા હશે કે અલગ?

શ્રી અરવિન્દ : કાંઈક વધારે લક્ષણો હશે. (ક્રમશઃ)

- માનસિંહ ચાવડા

# વૈદિક દેવો

# બૃહસ્પતિ, બ્રહ્મણસ્પતિ, પ્રજાપતિ

પ્રકરણ - ૧૮

બૃહસ્પતિને પ્રજ્ઞાના સ્વામી ગણવામાં આવે છે. પ્રજ્ઞા શબ્દો દ્વારા વ્યક્ત થાય ત્યારે તેને ‘વાક્’ કહે છે. પ્રજ્ઞા જ્ઞાનની સમગ્રતા દર્શાવે છે. એક પ્રકારના જ્ઞાનને બીજા પ્રકારના જ્ઞાન સાથે સુસંવાદમાં જોડી દે છે. તેથી આવી વાક્‌ને ‘બૃહતી’ જ્ઞાનની વિશાળતા દર્શક ગણેલ છે. આવી વિશાળ પ્રજ્ઞાશક્તિ અને તેની અભિવ્યક્તિરૂપ બૃહતી વાક્ શક્તિના સ્વામી તે જ બૃહસ્પતિ છે. વાક્ બૃહતી તસ્યા એષ પતિસ્તસ્માદ્ બૃહસ્પતિ (શત. બ્રા.૧૪-૪-૧-૨૨) બૃહસ્પતિ જ દેવોનાં બ્રહ્મા અર્થાત્ સલ્લાગાર છે. (શત.૧-૭-૪-૨૧) આવુ સમગ્ર ઊંડું જ્ઞાન ધરાવતી વ્યક્તિને ‘કવિ’ કહેવાય છે. બૃહસ્પતિ તો કવિઓનાં પણ કવિ છે કવિ કવિનાંમુપશ્રવસ્તમમ્ (ઋ ૨-૨૩-૧)

બૃહસ્પતિ ને જ બ્રહ્મણસ્પતિ પણ કહેવામાં આવે છે, કારણ તેઓ યોગ્ય શબ્દોમાં બ્રહ્મતત્વનું વર્ણન કરવા સક્ષમ છે કારણ તેમના જ્ઞાનનો આધાર જ વિશાળ નિરાકાર ચેતના સ્વરૂપ વિષ્ણુ છે. (આને કારણે જ વિષ્ણુના નાભિમાંથી નિકળેલા કમળમાં બેઠેલા બ્રહ્માનું પ્રતીક સર્જાયું છે. જેમાં નાભિ પ્રાણની સર્જનશક્તિ દર્શાવે છે કમળ ચેતનાની વીકસેલી સ્થિતિ. તેમાં સ્થિત બ્રહ્મા પોતે પ્રજ્ઞાવંત છે, પ્રજ્ઞાવાન છે એમ સૂચવેલ છે.)

પ્રજ્ઞા શક્તિ સર્વવ્યાપી છે. જેમ અગ્નિ શારીરિક, પ્રાણમય, માનસિક ત્રણે સ્તરે છે, તેમજ પ્રજ્ઞા પણ શારીરિક, પ્રાણમય, મનોમય સ્તરે છે. તેથી બૃહસ્પતિને

પણ ત્રણસ્થાનમાં સ્થિત દર્શાવેલાં છે. બૃહસ્પતિસ્ત્રિષધસ્થઃ (ऋ ૪-૫૦-૧)

બૃહસ્પતિ અને બ્રહ્મણસ્પતિને એકરૂપ ગણેલાં છે. બૃહસ્પતિ બ્રૃંહ્મણ બ્રહ્મણસ્પતિ (તૈત્તિ બ્રા.૩.૧૧.૪.૨) તેઓએ કરેલી સ્તુતિ અને પ્રાર્થનાને સર્વશ્રેષ્ઠ ગણવામાં આવે છે. જયેષ્ઠરાજ બ્રહ્મણાં બ્રહ્મણસ્પતિ..... (ऋ ૨-૨-૩૧) તેઓ પણ અગ્નિ અને મિત્રની જેમ નિરાકાર ચેતનાના પ્રકાશમય રથમાં બેસીને સાધકને મદદ કરવા આવતા વર્ણવેલાં છે..... જ્યોતિષ્મંતં રથમૃતસ્ય તિષ્ઠસિ (ऋ ૨-૨૩-૩) સારાંશ પ્રકાશમય ચેતનામાં રહીને તેઓ બધાં કાર્યો કરે છે. પરમપ્રભુની પ્રાર્થના પણ તે રીતે જ કરે છે. તેથી જ તે પ્રાર્થના શ્રેષ્ઠ બની જાય છે.

વાચા અને વાક્ વચ્ચે તફાવત છે. સામાન્ય બુદ્ધિના આધારે બોલાતી ભાષા વાચા છે. પણ પ્રજ્ઞાના આધારે બોલાતી ભાષા વાક્ છે. પ્રજ્ઞામાં પ્રજ્ઞા પોતે પરમ-ચેતનાની જ જ્ઞાન અને સર્જન બન્ને શક્તિ છે અને તે પરમચેતના સાથે એકરૂપ થઈને રહેવાથી તેના ઉદ્‌ગારોમાં આત્મકથનનું રૂપ પ્રગટ થાય છે. દા.ત. દેવી સૂક્તમાંનો ઉદ્‌ગાર : ''અહં રાષ્ટ્રી સંગમની વસૂનાં ચિકિતુષી પ્રથમા યજ્ઞિયાનામ્'' પ્રકાર છે. શ્રીકૃષ્ણ ગીતામાં પણ વિરાટ સ્વરૂપ સાથેની પોતાની એકતા આ રીતે જ વ્યક્ત કરે છે.

સારાંશ પુરાણમાંના બ્રહ્મા અને વેદોમાંના બૃહસ્પતિ, બ્રહ્મણસ્પતિ એક જ છે તે શક્તિ મન, પ્રાણ, શરીર ત્રણે તત્ત્વોમાં વિશાળક્ષેત્રમાં કાર્ય કરતી હોવાથી જ તેને બ્રહ્મા = વ્યાપક શક્તિ કહે છે.

બીજું, બૃહસ્પતિ પણ વિશાળ ચેતનાને પ્રગટ કરે છે પણ તેમના અને વરુણના કાર્યમાં તફાવત છે. વરુણ અવચેતનમાં નીચે છુપાએલી વિશાળ ચેતનાને પ્રગટ કરે છે. બૃહસ્પતિ ઊર્ધ્વમાં રહેલી વિશાળ ચેતનાને પ્રગટ કરે છે.

બૃહસ્પતિના પુત્રી તરીકે રોમશાનો ઉલ્લેખ જોવા મળે છે. જે ભાવયવ્યની પત્ની તરીકે દર્શાવેલ છે પ્રાદાત્સુતાં રોમશાં નામ નામના બૃહસ્પતિ ર્ભાવયવ્યાય રાજ્ઞો (બૃહ. ૩-૧૫૬) રોમશા એટલે સંવાદી ચેતના. પરમ ચેતનાનો સાક્ષાત્કાર નિરાકાર વિશાળ ચેતના તરીકે બૃહસ્પતિ કરાવે છે તે પછી સાધકનો ભાવ આગળ

વધીને જગતમાંની બધી સાકાર વસ્તુઓ અને વ્યક્તિઓ પણ તે નિરાકાર ચેતનાની રોમાવલી રૂંવાટી જેવી અનુભવાય છે. તેથી રોમશા ભાવયવ્યની પત્ની અને બૃહસ્પતિની પુત્રી ગણાવેલ છે. ભાવયવ્ય એટલે ભાવપૂર્ણ ચિત્ત. સારાંશ 'અહં બૃહ્માસ્મિ'ની અનુભૂતિ આગળ વધીને 'સર્વંખલુમિદં બ્રહ્મ'ની અનુભૂતિ કરાવે છે. પોતે વિશાળ ચેતના છે તેમ અન્યો પણ તે વિશાળ ચેતના જ છે એવો ભાવ રચે છે. આ જ રોમશાનું કાર્ય છે.

પુરાણોમાં પ્રજાપતિ અને બ્રહ્મસ્પતિ ને બ્રહ્મા તરીકે એકરૂપ માનવામાં આવ્યા છે. છતાં વેદમાં તે બન્ને વચ્ચે સૂક્ષ્મ તફાવત દર્શાવેલ છે. પણ પુરાણોમાં બૃહસ્પતિ અને પ્રજાપતિને જુદા ગણવામાં આવ્યા છે. પ્રજાપતિને 'ક' પણ કહેવામાં આવે છે. 'ક' આ પ્રથમ વર્ણ છે. તેમ પ્રજાપતિ એ નિરાકાર ચેતનાએ ધારણ કરેલું પ્રથમ સ્વરૂપ, વ્યક્તિત્વ છે. નિરાકાર ચેતનાએ અનંતરૂપે પ્રકટ થવાનો સંકલ્પ કર્યો તે સંકલ્પને ધારણ કરનારી ચેતના તે પ્રજાપતિ. તે વિવિધતા ભિન્નતા નિર્માણ થઈ તે પહેલાની સ્થિતિ છે અર્થાત્ જગત ઉત્પતિ પહેલાની સ્થિતિ છે. તે વખતે પ્રજાપતિ એકલાં જ હતાં. પ્રજાપતિ ર્હ વા ઈદમગ્ર એક એવ (શત.બ્રા.૨-૨-૪-૧) તેમણે જ વિવિધ જગતોની રચનાની શરૂઆત કરી, જે તેમના યજ્ઞ સ્વરૂપ હતી. ''પ્રજાપતિ ર્હ વા એતેનાગ્રે યજ્ઞે'' જેને સદસ્ અથવા સદઃ કહે છે (ચેતનાનું રહેઠાણ) તેથી પ્રજાપતિને સદસસ્પતિ પણ કહેવામાં આવે છે. યજ્ઞ કરવો તે ઈન્દ્રને ગમે છે. સદસસ્પતિમદ્ભુતં પ્રિયમિન્દ્રસ્ય કામ્યમ્..... (યજુ ૩૨-૧૩) યજ્ઞશાળાને યજ્ઞનું ઉદર કહે છે. પેટ અન્ન પચાવીને જેમ અનેક અવયવોને પોષણ આપે છે તેમ યજ્ઞ અનેક વ્યક્તિઓને પોષણ આપે છે. તેમને સાધના તરફ વાળે છે.

પ્રજાપતિએ પોતાના હૃદયમાં પ્રકાશમય આદિસંકલ્પ ધારણ કરી રાખેલો છે. તેથી તેને હિરણ્યગર્ભ પણ કહે છે. જે બધાં જ વ્યક્તિસ્વરૂપોનો નિર્માતા છે અને તેમનો સંચાલક છે. ''હિરણ્યગર્ભઃ સમર્વતાગ્રે ભૂતસ્ય જાતઃ પતિરેક આસીત્ (ઋ ૧૦-૧૨૧-૧)'' (ક્રમશઃ)

# ધી મધર્સ એજન્ડા

(મૂળ પુસ્તક : Mind of cells - by Satprem તેના પર આધારિત) **પરમસિદ્ધિનો પંથ**

- માનસિંહ ચાવડા

# વિરાટપુરુષનો સાક્ષાત્કાર

પ્રકરણ - ૬

**સમજૂતી** - માનસિંહ ચાવડા

The consciousness is a sort of consciousness without limits which feels like waves but not individual waves. Its a MOVEMENT of waves, a movement of material or corporeal waves... as vast as the earth ...something that feels very infinite but is undulstory at the same time... It is a limitless movement with a very quiet, vast and harmonious rhythm. It has condensation like this (vertical gesture) and like that (horizontal gesture) and it moves by expansion (gesture of pulsating ocean). - 1962-155

માતાજી વૈશ્વિક અન્નમયકોષમાં સભાન થતાં જ જે અનુભવો આવે છે તેનું વર્ણન કરી રહ્યાં છે. પ્રથમ તેમણે વ્યક્તિગત ચેતનામાંથી વૈશ્વિકચેતનામાં ઊર્ધ્વારોહણ અનુભવ્યું, વૈશ્વિક ચેતનામાં 'અસીમતા'ની અનુભૂતિ આવતી હોય છે તેથી પોતે અસીમ છે..... અમર્યાદ છે વિશ્વવ્યાપી છે તેવું માતાજી અનુભવવા લાગ્યાં, પણ આ ચેતોવિસ્તાર નિષ્ક્રિય નહોતો. તે ખાલીખમ અવકાશ જેવો ભાસતો નહોતો પણ અસીમ અવકાશમાં લયબદ્ધ તરંગો ઉપર તરંગો જઈ રહ્યાં છે એવું તેમણે અનુભવ્યું.

ચેતનાને સક્રિય થવા માટે કાયમ કોઈ આધારની જરૂર હોય છે. જેમ વિદ્યુત

પ્રવાહ વાયરના આધારે પ્રવાસ કરે છે, તેમ ચેતનાનો વિસ્તાર પણ તરંગ તરીકે વિસ્તાર પામતો હોય છે ત્યારે તે એક વૈશ્વિક જાળાની 'universal grid' ના આધારે વિસ્તાર પામતી હોય છે. માતાજી આવી વૈશ્વિક વેબસાઈટનો ઉલ્લેખ કરે છે. તેને 'નાડીજાલ' કહે છે.

I have the curious impression of a kind of Web..... If one had the power to replace one of these webs with another, one could change everything that way..... They are webs surrounding the earth. - 1971-78

આ વૈશ્વિક ગૂંથણી એ આપણા શરીરના પાર્થિવ, પ્રાણમય વગેરે કોષોની રચનાનો મૂળભૂત આધાર છે. જેમ બહુમાળી ભવનનો આધાર તેનું સીમેંટ કોંક્રીટનું બનેલું structure છે, શરીરનો આધાર અસ્થિરપિંજર છે, એમ જ દરેક કોષનો વિસ્તાર આવી ગૂંથણી ઉપર આધાર રાખે છે. જે તે કોષેનું જ દ્રવ્ય વધારે ઘનીભૂત થઈને આવી ગૂંથણી કરે છે. કોષોનો આકાર, તેનું સંચાલન, તેનું પોષણ, તેમાં થતા ફેરફાર આ બધું જ આ ગૂંથણીના આધારે અને દ્વારા થાય છે. આ ગૂંથણી આપણા શરીરમાંના સંવેદનાવાહક નાડીજાળ જેવી હોય છે. પીપળાના પાનને સૂકવ્યા બાદ તેનો અન્ય ભાગ ખરી પડતાં તેમાંનાં નસોની જાળી જેવી દેખાય છે, તેવી આ ગૂંથણી દેખાતી હોય છે. દરેક કોષોની આ રીતે પોતપોતાની વેબસાઈટ છે અને જે તે વેબસાઈટમાં સભાન થતાં જ, જે તે કોષમાં સભાન થવાય છે. તેથી આ વેબસાઈટમાં ફેરફાર લાવતાં જ આપણે ચેતનાના જુદા જ સ્તરમાં જાગૃત બની જતાં હોઈએ છીએ. વેબસાઈટ બદલવી એટલે રેડિયોના સ્ટેશન બદલવા જેવું છે. રેડિયો સ્ટેશન બદલતા જ જેમ જુદો જ કાર્યક્રમ સંભળાવા લાગે છે તેમ કોષોની વેબસાઈટ બદલતા જ જુદાં જ કોષની દુનિયા દેખાવા અને અનુભવવામાં આવે છે.

આ જુદી જુદી વેબસાઈટ વૈશ્વિક કક્ષાએ ફેલાએલી છે અને આપણા કોષોની વેબસાઈટ એ વૈશ્વિક કોષોનો જ એક ભાગ અને અંશ છે.

(અનુ.પૃ. ૨૪ ઉપર)

# યોગના મૂળ તત્ત્વો

- શ્રી અરવિન્દ

## મુશ્કેલીઓ અને પ્રગતિ

પ્રકરણ - ૧૨ (પૃ. ૩૨-૪૭)

**સમજૂતી** - માનસિંહ ચાવડા

૧ **સાધના માર્ગમાં મુશ્કેલીઓ ક્યાં સુધી આવે છે ?**

તેનો આધાર સાધકની પ્રકૃતિની ગુણવિશેષતા ઉપર રહે છે. પ્રકૃતિ જેટલી વધું ગાંઠાળી, ગૂંચવાએલી, જડ અને તમોગ્રસ્ત હશે તેટલી મુશ્કેલીઓ વધુ અને વધુ સમય માટે આવતી રહેશે.

૨ **એનો આધાર સાધક ઉપર રહે છે'નો અર્થ શું ?**

તેનો અર્થ એ જ છે કે તેની પ્રકૃતિમાં જ એવા તત્વો રહેલા હોય છે જે મુશ્કેલીને આમંત્રણ આપે છે અને બીજું, સાધક પોતે જ મુશ્કેલીને અને તેના કારણોને વળગી રહેતો હોય છે.

૩ **સાચા હૃદયથી પ્રકૃતિમાંની મુશ્કેલીઓનો સામનો કરીએ તેટલા પ્રમાણમાં મુશ્કેલીઓ વધતી જતી અનુભવાય છે. એમ કેમ ?**

તેના બે કારણો છે. પ્રથમ, અદિવ્ય તત્વોને એવું લાગે છે કે જો સાધક યશસ્વી થશે તો તેમનો તેના ઉપરનો કાબુ નષ્ટ થશે. તેથી તે કાબુ વધારે મજબુત કરવા તેઓ વધારે ઝનૂનથી વધારે મુશ્કેલીઓ નિર્માણ કરે છે. બીજું, સાધકનો ઉત્સાહ અને ક્ષમતા જોઈ દિવ્યતત્વો એવું વિચારે છે કે આ તેના ઉત્સાહ દરમિયાન જ તે વધુ ને વધુ મુશ્કેલીઓ જીતી લે અને વધારે વેગથી પ્રગતિ કરી રૂપાંતર સિદ્ધ કરે. આ બન્ને કારણોસર તેની મુશ્કેલીઓ વધેલી તેને જણાય છે.

૪ **આંતરિક અવસ્થા સારી હોય, ખરાદિલના પ્રયત્ન હોય છતાં**

**મુશ્કેલીઓમાં વધારો થતો જાય છે તેનું કારણ શું?**

પોતાની પ્રકૃતિના અજ્ઞાત સ્તરમાંથી સપાટી પર આવતા અવરોધોને કારણે આવું લાગે છે. પ્રકૃતિના શુદ્ધિકરણની પ્રક્રિયાનો આ એક સર્વસામાન્ય ભાગ હોવાથી સૌ કોઈને આવો અનુભવ આવતો જ હોય છે. પણ આનો અર્થ એવો નથી કે સાધકમાં યોગ કરવાની ક્ષમતા જ નથી. ખરેખર તો આ સૂચન એ જ અદિવ્ય તત્વોની એક રમત હોય છે. તેમાં ફસાવું ન જોઈએ.

૫ **સાધનામાં સતત મુશ્કેલી નડતી હોય તો સાધક આશ્રમમાં કઈ રીતે રહી શકે?**

આ વિચાર પાછળ એક ગેરસમજ છે. આશ્રમમાં રહેનારને સાધનામાં ઓછી મુશ્કેલીઓ આવવી જોઈએ અથવા ન જ આવવી જોઈએ એવી આ માન્યતા છે. આ માન્યતામાં કોઈ અર્થ નથી. મુશ્કેલીઓ સાધકની પ્રકૃતિમાંથી રચાતી હોય છે. તે પ્રકૃતિ કાંઈ આશ્રમમાં પ્રવેશતા વેંત બદલાતી નથી. ધીમેધીમે સાધકની સંનિષ્ઠા અને આંતરિક જાગૃતતા અને પ્રયત્નના પ્રમાણમાં બદલાય છે. આશ્રમમાં મુશ્કેલીઓનું નિવારણ કરવાનું સમજાવવામાં આવે છે, પણ નિવારણ તો પોતે જ કરવાનું હોય છે. અપવાદાત્મક કિસ્સામાં શ્રી માતાજી નિવારણ કરતા. તેમાં પણ સાધકની ગ્રહણશીલતાની અપેક્ષા તો રહેતી જ.

૬ **સાધનામાં પ્રકૃતિની નબળાઈઓ ન નિવારાય ત્યાં સુધી પ્રભુ કસોટીઓ કરે જ છે એ શું સાચું છે?**

પ્રભુ કોઈ વખત કસોટી કરતા નથી. પણ સાધનામાંની આ નૈસર્ગિક પ્રક્રિયા માત્ર છે કે ક્ષતિઓ પ્રકૃતિમાં છે ત્યાં સુધી મુશ્કેલીઓ આવશે જ અને તેનું નિવારણ પૂર્ણ થશે ત્યારે જ તે બંધ થશે.

૭ **શું સાધકના બળની કસોટી કરવા અદિવ્યબળો સાધનામાં વિક્ષેપો નાખે છે?**

સાધકની નબળાઈઓ મારફત સાધકને મુશ્કેલીઓ નિર્માણ કરી ક્ષૂબ્ધ કરવો, હતાશ કરવો એ પ્રભુવિરોધી બળોની ટેવ જ છે. જો સાધકમાં ખોટી ગતિવિધિઓ ન હોય તો વિરોધી બળો વિક્ષેપ નિર્માણ કરી શકતા જ નથી.

**૮ મારી સાધનામાં રૂપાંતરના કાર્યમાં હું જગન્માતાની સહાય મેળવી રહ્યો છું તે કેવી રીતે જાણવું ?**

તમારામાં નિર્માણ થતી ચૈતસિક સંવેદનાઓ તમને તેની અચૂક જાણ કરે છે.

**૯ કેટલાક આશ્રમવાસીઓ એમ કહે છે કે પોતે પ્રગતિ કરી રહ્યાં છે તેના સંવેદનો તેમને થતાં નથી. આમ કેમ ?**

તેનો અર્થ એટલો જ કે તેઓ પોતાની બાબતમાં સભાન નથી.

**૧૦ શું સંવેદન વગર અથવા નિશાની વગર પ્રગતિ થવી શક્ય નથી ?**

અવચેતનમાં ચેતના કાર્ય કરતી હોય અને પ્રગતિ કરાવતી હોય તો તેવી ઘટના ઘણી વખત બને છે, પણ તેવા પ્રસંગે પણ સ્વપ્નાઓ દ્વારા સંકેતો મોકલવામાં આવે છે. તેઓ આવા સંકેતો અથવા અનુભૂતિઓ સમજી ન શકવાના કારણે એવું લાગતું હોય છે. પણ આવી અવસ્થા કાયમ રહેતી નથી. ધીમેધીમે તેને અર્થ સ્પષ્ટ થઈ સમજણ પ્રાપ્ત થાય જ છે. પ્રગતિનું સંવેદન વહેલું મોડું થાય જ છે.

**૧૧ શું અનુભૂતિઓ આવવી એ પ્રગતિની નિશાની છે ?**

હા, અનુભૂતિઓ પ્રગતિ બાબતની સમજણ આપવાના સંકેત રૂપે આવતી હોય છે. તે નવી સમજણ આપે છે.

**૧૨ શું પોતાની નબળાઈના સતત વિચાર કરવા એ પ્રગતિમાં બાધાકારક નથી ?**

જરૂર છે.નબળાઈનું અસ્તિત્વ જાણી લો. તેનું સ્વરૂપ સમજો. તે વસ્તુ સ્થિતિ સ્વીકારી મક્કમતાથી તેના નિવારણના પ્રયત્ન કરો. એ સાચી પદ્ધતિ છે. નબળાઈઓના વિચારો મનમાં ઘોળાતા રાખવા એનો અર્થ તે નબળાઈને વધુ ગંભીર મજબુત અને સમસ્યાને વધુ ગંભીર કરવા જેવું છે.

## શ્રી અરવિન્દનાં વિચાર-સૂત્રો
- શ્રી માતાજી

# રૂપાંતરની પ્રક્રિયાના જ્ઞાનની પ્રાપ્તિ (૭૪-૭૬)

પ્રકરણ - ૪૮
(માતૃવાણી ભા.-૧૦ - પૃ.૧૬૦-૧૬૪)

**સમજૂતી** - માનસિંહ ચાવડા

**(૧) યુરોપને પોતાનું વ્યવહારુ અને વૈજ્ઞાનિક સંગઠન અને કાર્ય સાધકતાનું અભિમાન છે. તેમનું સંગઠન પરિપૂર્ણ બને તેની હું પ્રતિક્ષા કરી રહ્યો છું. પછી એક બાળક પણ તેનો વિનાશ કરી શકશે. (૭૪)**

**(૨) પ્રતિભાશાળી માણસ અમુક પદ્ધતિ શોધી કાઢે છે. સામાન્ય બુદ્ધિના માણસો તેને રૂઢિગત ચોખઠામાં બાંધી દે છે અને પછી કોઈ બીજો પ્રતિભાશાળી માણસ આવીને તે ચોખઠાંને ભાંગી નાંખે છે. યુદ્ધકુશળ લોકો સેનાને દોરવણી આપે તેમાં જોખમ રહેલું છે કારણકે ભગવાન તેમની વિરુદ્ધમાં નેપોલિયનને મૂકી આપે છે. (૭૫)**

**(૩) આપણામાં જ્ઞાન તાજું હોય છે ત્યારે તે અજેય હોય છે. એ જૂનું થઈ જાય છે ત્યારે એનો ગુણ ચાલ્યો જાય છે. એમ થવાનું કારણ એ છે કે પ્રભુ તો હંમેશા આગળ જ વધ્યે જતા હોય છે. (૭૬)**

**********

ઉર્ધ્વમાં સત્યના પ્રદેશમાંથી જે પ્રેરણા ઉતરી આવે છે તેને લીધે આપણી સમજણ ખીલી ઉઠે છે. તેને શ્રી અરવિન્દ અહિં નવું કે તાજું જ્ઞાન કહે છે. ત્યારે તે જ્ઞાનમાં પ્રચંડ શક્તિ હોય છે. તેને તમારી પ્રકૃતિના રૂપાંતરનું કાર્ય કરવા દેશો તો તે શક્ય એટલું રૂપાંતર કરી આપે છે.

તે પછી તે જ્ઞાન જાણે આપણી બૌદ્ધિક સમજણ રૂપે જ રહે છે અને રૂપાંતરની શક્તિ ગુમાવી બેસે છે.

પ્રભુ જગતને સતત વિકસાવી આગળ લઈ જઈ રહ્યાં છે. તેથી તે જ્ઞાન પછી પછવાડે રહી જાય છે. તેમાં પહેલાની ક્ષમતા રહેતી નથી.

બાળક : માતાજી શું પેલા જુના જ્ઞાનમાં ફરી રૂપાંતરશક્તિ લાવી શકાય ?

માતાજી : જો તેનો સત્યજ્ઞાન સાથે સંપર્ક થાય તો તે ફરી જીવંત બને છે. સત્ય પોતે જ પોતાને સત્યજ્ઞાન સ્વરૂપે પ્રગટ કરતું હોય છે. તેમાં સમગ્ર સૃષ્ટિનું રૂપાંતર કરવાની ક્ષમતા છે. તેની વર્ષા તો અખંડ થઈ રહી છે. આપણે તે પ્રત્યે વહેલામાં વહેલી તકે ખુલ્લા થવાનું છે. ત્યારે કોઈ જીવંત પ્રકાશ તમને ઘેરી વળતો અંદર પ્રવેશતો અનુભવાય છે. તેમાં પ્રચંડ શક્તિ હોય છે. તે જ રૂપાંતરની શરૂઆત કરી દે છે. પણ આ સ્થિતિ વધુ વાર રહેતી નથી.

બાળક : માતાજી માનસિક રૂપાંતર વખતે આવી અનુભૂતિઓ આવે છે પણ શારીરિક રૂપાંતર વખતે કેવા અનુભવો આવે છે ?

માતાજી : તે જ્ઞાન તો આ જ હોય છે પણ તે જુદી ક્રિયા કરી જુદાં પરિણામો લાવે છે. પણ માનસિક કે પ્રાણમય રૂપાંતર વખતે પણ તેનો થોડો તો પરિણામ શારીરિક રૂપાંતર ઉપર પડે જ છે.

પણ આ બધી નિરવ મનમાં જ થનારી પ્રક્રિયાઓ છે. તેથી શાંતિ, ગ્રહણશીલતા વધતી જતી હોય છે.

આપણામાં એક જડ નિરવતા પણ હોય છે. તેમાં ગ્રહણશીલતા જ હોતી નથી. તે જાણે બધીરતાનો, બેશુદ્ધિનો અનુભવ હોય છે. આપણે ગ્રહણશીલ નિરવતામાં જ પ્રગતિ કરી શકીએ છીએ. તેમાં આપણી આંતર ઇન્દ્રિયો ઉપર પણ સારો પરિણામ થતો જ હોય છે. પણ આવા બાહ્ય ફેરફારો તો અંતે જ થશે.

બાળક : માતાજી, શ્રી અરવિન્દ કહે છે કે ત્યાં અવયવોને બદલે યોગચક્રો કાર્ય કરશે.

માતાજી : હા પણ તેને ત્રણસો વર્ષ તો લાગશે જ એમ જણાવેલ છે.

આપણે જીવંત શરીરનું રૂપાંતર કરવાનું છે. તે જ મુશ્કેલી છે. તેને જીવતા રાખવાની ક્રિયાઓને બંધ પાડવાની નથી. પણ સાથે સાથે નવી ક્રિયાઓ શરીરમાં દાખલ કરવાની છે. તેમાં અંતે હૃદય ને બદલે હૃદયનું યોગચક્ર કામ કરતું થઈ જશે. મહાન સક્રિય શક્તિને શરીરમાં દાખલ કરશે. રક્તાભિષરણની જરૂર જ નહિ રહે.

આ રૂપાંતરના કાર્યમાં ઊંધી પ્રક્રિયા થાય છે. વ્યવહારમાં આપણને પ્રથમ સમજાય છે અને પછી તે મુજબ કાર્ય થાય છે. અહિં પ્રથમ કાર્ય થઈ જાય છે અને પછી શું થયું તેની સમજણ આપવામાં આવે છે. આ કાર્ય કરવાની નવી રીત હોય છે.

૭૪માં સૂત્રનું વિવરણ માતાજીએ વર્ગમાં આપેલું પણ બુલેટિનમાં માતાજીની સૂચનાથી પ્રગટ કરેલું નહોતું પણ તે સૂત્રનું હસ્તલિખિત ૧૦ વર્ષ બાદ શ્રી અરવિન્દના એક નોટબુકમાં મળેલું તે નીચે આપેલું છે.

માતાજી : અહિં વિનાશની જે વાત છે તે પૃથ્વીના વિનાશની નથી પણ પશ્ચિમના સંસ્કૃતિના વિનાશની વાત છે. તે સંસ્કૃતિ જે ભૌતિક અસ્તિત્વને જ માનવાનો આગ્રહ રાખે છે તે વિચારના વિનાશની વાત છે.

શ્રી અરવિન્દનું કહેવું છે કે વિજ્ઞાન જ્યારે પોતાની અંતિમ કક્ષાએ પહોંચશે ત્યારે તેને જ અભૌતિક જગત અને અસ્તિત્વનો સ્વીકાર કરવાનો વારો આવવાનો છે. નાનું બાળક પણ ભૌતિક જીવનને જ મહત્વનું ગણવાના, માનવના એકાંગી વિચારને ફગાવી દેશે.

બાળક : અહિં બાળક એટલે નવું આવિર્ભાવ પામતું અતિમનસ જગત એવો અર્થ લઈએ તો ?

માતાજી : તે વસ્તુ પણ બરાબર છે. અતિમનસની ક્ષમતાઓ અને શક્તિઓનો આપણને ખ્યાલ નથી. તે ક્ષમતાઓની આપણે કલ્પના પણ નહિ કરી શકીએ. તેને માટે આ પશ્ચિમના ભૌતિકવાદને દફનાવવો એ રમત વાત હશે, પણ તે જગતનો આવિર્ભાવનો સમય હજી આવ્યો નથી. તેને હજી થોડાક શતક વર્ષોની વાટ જોવી પડશે. પણ તે માટેની પૂર્વ તૈયારીઓ થઈ ગઈ છે.

પ્રભુ જાણે આપણને કહેતા હોય કે, ''હું તેની જ વાટ જોઉં છું પછી આ બધાં વિકૃત વિવાદોની ખેર નથી.

આપણે સાવધ થઈને સ્વેચ્છાએ તે આવિર્ભાવમાં જોડાઈ જવું એ જ પેલા સર્વનાશમાંથી બચવાનો માર્ગ છે. માનવ વંશે તે નિર્ણય લેવાનો છે અને તે સાચો જ નિર્ણય લેશે એવી મને આશા છે.

# ''કોઈના પણ સાચા સલાહસૂચનને સ્વીકારવું''

પ્રકરણ - ૨૦

એક પંડિતજી અને તેનો ચેલો યાત્રાએ નિકળ્યા. પંડિત મંત્રવેત્તા હતા. તેઓ ઘનઘોર જંગલમાંથી પસાર થઈ રહ્યા હતા. ત્યાં લુટારૂ ટોળીએ તેમને ઘેરી લીધા. પંડિતજીને બંધક બનાવ્યા. ચેલાને કહ્યું ''તેમના ઘેરેથી એક હજાર સોનામહોર લઈ આવ, તો જ છોડશું.'' ચેલાએ ગુરૂના કાનમાં કહ્યું, ''ગુરૂદેવ, પેલો સુવર્ણવર્ષાના મંત્રનો ઉપયોગ કરતા નહિ. હું હમણાં જ ઘરેથી હજાર સોનામહોર લાવી તમને છોડાવીશ.''

ચેલો રવાના થયો, પંડિતે વિચાર કર્યો. તેને પાછો આવતા પાંચ છ કલાક લાગશે. તેના કરતા મંત્ર પ્રયોગ કરીને હજાર સુવર્ણમુદ્રાની વર્ષા કરાવી છૂટી ન જાઉ.''

તેણે લુટારુના નાયકને વાત કરી મંત્ર પ્રયોગ કરવાની છૂટ આપી. તે પંડિતે પ્રયોગ કરતા ધનવર્ષા થઈ. લુટારુઓને લાગ્યું આને તો કાયમી સ્વરૂપે બંધક બનાવી રખાય. રોજ સોનાની વર્ષા થશે અને હું લઈ લઈશ.

લુટરાએ પોતાના એક લુટારુને ગામમાંથી ભોજન લઈ આવવા જણાવ્યું. લુટારાને ભોજન લઈ આવતા વિચાર આવ્યો. ઝેર દઈને નાયકને મારી નાંખું તો હું ટોળીનો સરદાર બનું અને આ પંડિત રોજ મને હજાર સોનામહોર આપશે. તેણે ભોજનમાં ઝેર મેળવી દીધું. લાવીને નાયકને આપ્યું. ઝેર વગરનું અન્યોને આપ્યું. નાયક ખાવા બેઠો. તેણે પ્રેમથી પંડિતજીને પોતાની સાથે જમાડ્યો. થોડીવાર થઈ અને નાયક અને પંડિતજી તો લોહીની ઉલટી થઈને મરી ગયા.

પંડિતજીએ ચેલાની શિખામણ માની હોત તો પંડિતજી બચી જાત.

- હર્ષદ ઠકરાર

# યોગ

એક ભાઈએ મને પ્રશ્ન કર્યો કે મારે યોગ કેવી રીતે કરવો ?

મેં તે ભાઈને જણાવ્યું કે આપ ગ્રહોમાં વિશ્વાસ ધરાવો છો કે પછી ગ્રહોને ગતિમાં રાખનાર ઈશ્વરીય સત્તામાં શ્રદ્ધા ધરાવો છો ?

તે ભાઈએ જણાવ્યું કે તેમને ગ્રહોમાં વિશ્વાસ છે. ઈશ્વરીય સત્તામાં શ્રદ્ધા નથી.

મેં તે ભાઈને જણાવ્યું કે આપ ગ્રહોમાં વિશ્વાસ ધરાવો છો અને ઈશ્વરીય સત્તામાં શ્રદ્ધા ધરાવતા નથી. એટલે આપનાથી યોગ થઈ શકશે નહીં.

તે ભાઈએ મને પ્રશ્ન કર્યો કે શા માટે યોગ થઈ શકશે નહીં ?

મેં પ્રત્યુત્તર આપ્યો કે બળદ અને ગાડાનો યોગ થાય છે ત્યારે જ બળદ ગાડું ગતિમાં આવે છે. ગાડુ સ્વયં પોતાની જાતે ગતિ કરી શકતું નથી. તે રીતે ગ્રહો પોતાની જાતે ગતિ કરી શકતા નથી. પરંતુ પરમ પ્રભુની શક્તિ દ્વારા ગતિશીલ રહે છે.

આ શક્તિ વિહીન ગ્રહોમાં વિશ્વાસ ધરાવો છો અને ગ્રહોને ગતિમાં રાખનાર પરમ સત્તામાં શ્રદ્ધા ધરાવતા નથી એટલે આપનાથી યોગ થઈ શકશે નહીં.

યોગ એટલે શું તે આપ જાણો છો ? યોગ એટલે માનવ અને પ્રભુનું મિલન. જે રીતે બળદ અને ગાડાના મિલનથી ગાડુ ગતિમાં આવે છે. તે રીતે માનવ અને પ્રભુના મિલન દ્વારા માનવમાં સુષપ્ત રહેલ દિવ્યતા પ્રગટ થાય છે. યોગ એટલે માનવમાં રહેલી દિવ્યતાની અભિવ્યક્તિ. પ્રભુ સાથે યોગ સાધવા માટે માનવે સૌ પ્રથમ તો પરમ પ્રભુમાં શ્રદ્ધા રાખવી પડે. ત્યારબાદ પરમ પ્રભુ સાથે મિલન સાધી શકાય તે માટે અવિરત અભીપ્સા સેવવી પડે અને પોતે કર્મનો કર્તા નથી પરંતુ કર્મનો કર્તા તો પરમ પ્રભુ છે તે ભાવે પોતાનો અહંકાર પ્રભુને ચરણે

સમર્પિત કરવો પડે.

માનવ પોતાનો અહંકાર કેવી રીતે સમર્પિત કરે તે સમજવા માટે આપની મદદે શ્રીમદ્ ભગવદ્ ગીતા આવે છે. યોગેશ્વર શ્રી કૃષ્ણ અર્જુનને જણાવે છે :

''મન્મના ભવ મદભક્તો મદ્યાજી માં નમસ્કુરુ।

મામેવૈષ્યસિ યુક્ત્વૈમાત્માનં મત્યરાયણઃ।।

(ગીતા : અ : ૯ : શ્લો : ૩૪)

શ્રી કૃષ્ણ અર્જુનને જણાવે છે કે તું મારો ભક્ત થઈ જા, મારામાં મનવાળો થઈ જા, મારું પૂજન કરનારો થઈ જા અને મને પ્રણામ કર. આ રીતે સ્વયંને મારામાં પરોવીને મારા પરાયણ થયેલો તું મને જ પામીશ.

શ્રી કૃષ્ણે સમજાવ્યા મુજબ જ્યારે માનવ પોતાના અહંકારને પરમ પ્રભુને સમર્પિત કરે છે, ત્યારે તે પ્રભુનો ભક્ત થઈ જાય છે. પછી ભક્ત અને પ્રભુ વચ્ચે કશો ભેદ રહેતો નથી. ભક્ત કાંઈ પણ કર્મ કરે તે પ્રભુની પૂજા રૂપ બને છે અને ભક્ત ફક્ત પ્રભુના હથિયારરૂપ બની રહે છે. ભક્ત પ્રભુને પરાયણ હોઈ પ્રભુને પામે છે.

પરમ પ્રભુને પામવા એટલે જ યોગ. યોગ દ્વારા માનવ પોતાની માનવતા અભિવ્યક્ત કરતો નથી પરંતુ પોતાનામાં રહેલ દિવ્યતાને અભિવ્યક્ત કરે છે.

માનવ પોતામાં રહેલી દિવ્યતા પ્રગટ કરી શકતો નથી તેનું કારણ માનવનો પ્રભુ સાથે યોગ થયો હોતો નથી.

બાંસુરી આપોઆપ સુર પ્રગટાવી શકતી નથી. પરંતુ બાંસુરી સાથે સિદ્ધહસ્ત બાંસુરી વાદકના ઓષ્ઠનો યોગ થાય છે ત્યારે બાંસુરીમાંથી સર્વોત્તમ સ્વરો પ્રગટ થાય છે. તે રીતે જ્યારે માનવનો પ્રભુ સાથે યોગ થાય છે ત્યારે માનવમાં રહેલી દિવ્યતા જે મન, પ્રાણ અને શરીરના આવરણોથી ઢંકાયેલી હતી તે દિવ્યતા આવરણોને હડસેલીને આપોઆપ પ્રગટ થાય છે.

દિવ્યતા પ્રગટ થવાથી માનવ મન, પ્રાણ અને શરીરરૂપી માનવ રહેતો નથી. પરંતુ પરમ પ્રભુને અભિવ્યક્ત કરતા યોગીમાં રૂપાંતરિત થાય છે.

માનવ યોગીમાં રૂપાંતરિત થતો હોવાથી માનવની અને પ્રભુની ચેતના એકરૂપ થાય છે. માનવની ભાવપ્રધાન પ્રકૃતિ પ્રભુના દિવ્ય પ્રેમમાં રૂપાંતરિત થાય

છે. માનવ જે કાંઈ કર્મ કરે છે તે કર્મના ફળ તે પરમ પ્રભુના ચરણકમળે અર્પણ કરે છે.

શ્રી અરવિન્દ જણાવે છે તે મુજબ સમગ્ર જીવન એ યોગ છે. એટલે યોગ એ કારકિર્દી અથવા કોઈ નિશ્ચિત કાર્યક્રમ કે કાર્ય દિશા નથી. પરંતુ યોગ છે પરમ પ્રભુ સાથે મિલન સાધવાની યોગ સાધના.

આ યોગ સાધના શું છે તે સમજાવતા શ્રી અરવિન્દ જણાવે છે :

''યોગ છે આપણામાં રહેલી માનવતા, પોતે જે દિવ્યતામાં નિવાસ કરે છે એ દિવ્યતા સાથેનો એનો સંપર્ક, સાન્તનો અનંત સાથેનો, ઉત્ક્રાન્ત થતી અપૂર્ણ માનવતાનો હજુ સુધી ઉત્ક્રાન્ત થઈ નથી અને જેને પ્રાપ્ત કરી શકાય એમ છે તેવી પૂર્ણતા સાથેનો સંપર્ક.'' - શ્રી અરવિન્દ

શ્રી અરવિન્દ સ્પષ્ટ જણાવે છે કે માનવતા પોતે દિવ્યતામાં નિવાસ કરે છે. પરંતુ તેનો દિવ્યતા સાથે જ્યારે તેનો સંપર્ક સ્થપાય છે, તે છે યોગ. યોગ દ્વારા માનવ દિવ્યતાને અભિવ્યક્ત કરે છે.

વિશેષમાં શ્રી અરવિન્દ જણાવે છે કે યોગ એટલે ઉત્ક્રાન્ત થતી માનવતાનો હજુ સુધી ઉત્ક્રાન્ત થઈ નથી, એવી પૂર્ણતા સાથેનો સંપર્ક. આ ઉત્ક્રાન્તિને સમજાવતા શ્રી અરવિન્દ જણાવે છે :


"Evolution is nothing but the progressive unfolding of spirit out of density of material consciousness and gradual self revelation of God out of this apparent animal being."

- Sri Aurobindo

શ્રી અરવિન્દ સમજાવે છે તે મુજબ ઉત્ક્રાન્તિ એટલે સઘન પાર્થિવ ચેતનામાંથી આત્માનું પ્રગટ થવું અને ધીમેધીમે માનવ પશુમાંથી પ્રભુનું પ્રાગટ્ય. તે મુજબ યોગ એટલે પશુ માનવનું દિવ્યમાનવમાં રૂપાંતર થવાની સાધના.

આપણે આપણા અભીપ્સા, સમર્પણ અને પરિત્યાગના ગુણો દ્વારા આપણી માનવ પશુની જીંદગીને દિવ્ય જીવનમાં રૂપાંતરિત કરીએ એ જ દિવ્ય મા ભગવતીને પ્રાર્થના.

ૐ શાંતિ..... શાંતિ..... શાંતિ.....



# શ્રી અરવિંદ

He felt the beating life in other men
Invade him their happiness and their grief;
Their love, their anger, their unspoken hopes
Entered in currents or in pouring waves
Into the immobile ocean of his calm.
Shri Auribindo (Savitri - B-1, C-3, P.-27)

## આત્મૈક્યના પરિણામ

પોતાનું જીવન અન્ય જીવને, તે ધબકતું દેખતો,
સુખદુખ તેમનાં બધાં, તેના હ્દયને ભીંસતા,
પ્રેમ ક્રોધ અને અપેક્ષાઓ, અણકથી સામેલ થતી,
તેના હ્દયમહિં સામેથી કે ઊર્ધ્વેથી પ્રવેશતી,
ને તેના સાગરસમ શાંત ચિત્તે, પ્રવેશીને વિરમી જતી.

Registration of News Paper No. GUJGUJ/2013/48361 Postal Reg. No. RAJKOT-303/2012-2014
Price : Rs. 15/- Annaul Subscription : Rs. 150/- 1st of Every Month at Rajkot RMS - Langauge : GUJARATI

# ચતુરાશ્રમ : બ્રહ્મચર્યાશ્રમ

( જીવન : ૧ થી ૨૫ વર્ષ)

પ્રથમ પચીસ વર્ષ ઓજસ અર્થે, બ્રહ્મચર્ય પાળવું,
બૌદ્ધિકજ્ઞાન બ્રહ્મતણું, શાસ્ત્રથી જાણી માણવું.
ઈન્દ્રિય - જયનો મહાવરો, જીવનમાં પાડવો,
ગુરુસેવા ને દિવ્યભાવોને, અખંડ અભ્યાસવા.

જીવન તેજસ્વી કરી, જીવન - નિર્વાહ પણ જાણવો,
પ્રભુ - સાક્ષાત્કારનો, મજબુત પાયો નાખવો.
સંસ્કૃતિ અને સમાજનો, પ્રગતિપંથ જાણવો,
પ્રભુના આવિર્ભાવને, તે દ્વારા પણ સાધવો.

બ્રહ્મને કર્મો દ્વારા, જીવનમહિં આણવું,
એ જ બ્રહ્મચર્યનો, સાચો અર્થ જાણવો.

**ઈન્ટરનેટ ઉપર રાજકોટ કેન્દ્રનાં પ્રકાશનો**

**સહજ સત્સંગ માસિક**
www.motherandsriaurobindo.org>E-Library>Magazines>SahajSatsang(Gujarati)
www.aurogujarat.com>Journals & Ebooks>Sahaj Satsang

**પુસ્તકો**
www.motherandsriaurobindo.org>centers>India>Gujarat>Rajkot

E-mail ID : sahajsatsang@gmail.com

સહજ સત્સંગ (માસિક) તંત્રી : માનસિંહ કે. ચાવડા, પ્રકાશક : કમલેશ સી. માંડવીયા, મુદ્રક : લલિત એચ. ઉપાધ્યાય, માલિક : મા શ્રી અરવિન્દ સાધના ટ્રસ્ટ, પ્રકાશન સ્થાન : સહજ સત્સંગ કાર્યાલય, ''અર્પણ'' ૨૫૯, વૃંદાવન, ન્યારી ફિલ્ટર પ્લાન્ટ સામે, કાલાવાડ રોડ, રાજકોટ - ૩૬૦ ૦૦૫ ગુજરાત, મુદ્રણ સ્થાન : લા મેર પ્રિન્ટરી, ''અર્પણ'' ૨૫૯, વૃંદાવન, ન્યારી ફિલ્ટર પ્લાન્ટ સામે, કાલાવાડ રોડ, રાજકોટ - ૩૬૦ ૦૦૫. ગુજરાત